CMYK CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ જુલાઈ ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ વદ બીજ

વર્ષ : ૧૪
અંક : ૩૩૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીને લઈને ભાજપમાં તડામાર તૈયારી

## ભાજપ સંગઠનમાં ફેરફાર, ચાર રાજ્યના પ્રદેશ અધ્યક્ષ બદલાયા

**ભાજપે જી કિશન રેડ્ડીને તેલંગાણાના, ડી પુરંદેશ્વરીને આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ સીએમ બાબુલાલ મરાંડીને ઝારખંડના, સુનિલ જાખરને પંજાબના પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા**

। નવી દિલ્હી, તા.૪ ।

ભાજપે આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી છે અને તેને લઈને સંગઠનમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. ભાજપે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને ચાર રાજ્યોના પ્રદેશ અધ્યક્ષ બદલ્યા છે. ભાજપે જી કિશન રેડ્ડીને તેલંગાણાના પ્રદેશ અધ્યક્ષ તરીકે, ડી પુરંદેશ્વરીને આંધ્ર પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે આ ઉપરાંત ભૂતપૂર્વ સીએમબાબુલાલ મરાંડીને ઝારખંડના પ્રદેશ અધ્યક્ષ, સુનિલ જાખરને પંજાબના પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાતના પ્રદેશ પ્રમુખ બદલવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું જો કે આજે ગુજરાતના પ્રદેશ પ્રમુખની બદલવાની જાહેરાત થઈ નથી જેથી ભાજપ આગામી લોકસભાની ચૂંટણી પ્રદેશ પ્રમુખ પાટીલના જ નેતૃત્વમાં લડશે તેવા પૂરા સંકેત છે.

**ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ તરીકે રાજેન્દ્ર અટીલાની નિમણૂક**



આ પહેલા ૨૮ જૂને મોડી રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને પાર્ટીના સંગઠન મહાસચિવ બીએલ સંતોષ સાથે મુલાકાત કરી હતી. ત્યારથી માનવામાં આવી રહ્યું હતું કે આ બેઠકમાં સરકાર અને સંગઠનમાં મોટા ફેરબદલની ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ ભારતીય જનતા પાર્ટી પણ પોતાની ચૂંટણી પ્રબંધન સમિતિને મજબૂત બનાવવામાં વ્યસ્ત બની ગઈ હતી.

## મોદી કેબિનેટના તાજા વિસ્તરણમાં યુપીને પ્રાધાન્ય આપવામાં આવશે

**યુપી ક્વોટામાંથી જો મંત્રીઓની છટણી કરવામાં આવે તો ફરી બીજેપી દલિત, ઓબીસી અને બ્રાહ્મણના ચહેરા પર દાવ લાગી શકે છે**

। નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ઈલેક્શન ૨૦૨૪ને લઈને ભારતીય જનતા પાર્ટીની તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. સોમવારે નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રિપરિષદની બેઠક મળી હતી. જેમા આગામી ચૂંટણીને લઈને આગળની રાજનીતિ પર ચર્ચા થઈ. તો આ બાજુ કેન્દ્રીય મંત્રિમંડળના વિસ્તરણને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં બીજેપીની નજર યુપી પર મંડાયેલી છે. એક માહિતી પ્રમાણે એવુ માનવામાં આવે છે કે જો મોદી કેબિનેટમાં વિસ્તરણ થશે તો યુપીને પ્રાધાન્ય આપવામાં આવશે. એટલે કેન્દ્રમાં યુપી ક્વોટામાં ફેરફાર થાય તેવી દેખાઈ રહ્યું છે. લોકસભા ચૂંટણીને જોતા કેન્દ્રીય મંત્રિમંડળના વિસ્તરણને ખૂબ જરુરી માનવામાં આવે છે. મોદી મંત્રિમંડળમાં હાલમાં તો વિસ્તરણની કોઈ જરુર લાગતી નથી પરંતુ આવામાં કેટલાક મંત્રીઓને બહાર કાઢી નવા મંત્રીઓને સ્થાન આપવામાં આવે તેવી સંભાવના જોવા મળી રહી છે.

**લક્ષ્મીકાંત બાજપેયી અથવા હરીશ દ્વિવેદીને કેબિનેટમાં જગ્યા મળી શકે**




યુપી ક્વોટામાંથી જો મંત્રીઓની છટણી કરવામાં આવે તો ફરી બીજેપી દલિત, ઓબીસી અને બ્રાહ્મણના ચહેરા પર દાવ લાગી શકે છે. અને તેમા વર્તમાન મંત્રીઓના માથે લટકતી તલવાર ખતરો બની શકે છે. ઉત્તર પ્રદેશમાંથી મહેન્દ્ર નાથ પાંડેય, અજય મિશ્રા ટેની સહિત ૪ મંત્રીઓની ખુરશી પર લટકતી તલવાર દેખાઈ રહી છે. પાંડેયનો વિભાગ ભારે ઉદ્યોગ પર શિવસેનાનો દાવો રહ્યો છે. યુપી ક્વોટામાં સંજીવ બાલિયાનનું કદ વધારી શકાય તેવી શક્યતા છે. પાંડેય અને ટેનીનું પત્તુ કપાઈ શકે છે.

### ન્યૂઝ બ્રિફ

**ટૂંકમાં કેન્દ્રીય કર્મીઓના એચઆરએમાં ત્રણ ટકાના વધારાની શક્યતા**

। નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સારા સમાચાર છે કે સરકાર જલદીએચઆરએએટલે કે હાઉસ રેન્ટ એલાઉન્સમાં ૩ ટકાનો વધારો કરી શકે છે. એચઆરએને જુલાઈ ૨૦૨૧માં રિવાઈઝ કરવામાં આવ્યું હતું. એચઆરએમાં વધારા બાદ સરકારી કર્મચારીઓના વેતનમાં તેના હાથમાં આવતો પગાર વધી જશે. જુલાઈ મહિનાની શરૂઆત થઈ ગઈ છે. કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં વધારો થવાનો સમય આવી ગયો છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકા જેટલો વધારો થઈ શકે છે. ૫ રંતુ આ વખતે કર્મચારીઓને ડબલ ખુશી મળી શકે છે. કેન્દ્રીય કર્મચારીઓના હાઉસ રેન્ટ એલાઉન્સમાં પણ વધારો થઈ શકે છે. સરકારી કર્મચારીઓ જે શહેરમાં કામ કરે છે, તે આધાર પર એચઆરએ આપવામાં આવે છે.

### મહારાષ્ટ્રમાં શિવસેના બાદ એનસીપીમાં બે ભાગલા પડી ગયા

## ભાજપે અજિત પવારને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનું વચન આપ્યુ : પૃથ્વીરાજ

। મુંબઈ, તા.૪ ।

મહારાષ્ટ્રમાં શિવસેના બાદ એનસીપીમાં બે ભાગલા પડી ગયા છે અને અજિત પવારને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા છે. હવે મહારાષ્ટ્રમાં બે ડેપ્યુટી સીએમ છે. ત્યારે હવે સીએમની ખુશી માટે ૩ મૂરતિયા છે. એકનાથ શિંદે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ. મહારાષ્ટ્રમાં સત્તાની ચાવી બીજેપીના હાથમાં છે. આ વિભાજનને લઈને તમામ નેતાઓ પોત-પોતાના દાવા કરી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે દાવો કર્યો છે કે, તેમને મળેલી માહિતી પ્રમાણે ભાજપે અજિત પવારને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનું વચન આપ્યું છે. અજિત પવાર શાસક એકનાથ શિંદે-ભાજપ ગઠબંધનમાં જોડાતા મહારાષ્ટ્રમાં રાજકીય પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ચવ્હાણ પહેલા શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે પણ દાવો કર્યો હતો કે શિંદે મુખ્યમંત્રીની ખુરશી ગુમાવશે. ૨ જુલાઈના રોજ અજિત પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં વિભાજનનું નેતૃત્વ કરતા ડેપ્યુટી સીએમ બની ગયા. તેનાથી તેમના કાકા શરદ પવારને મોટો ફટકો લાગ્યો છે. જેમણે ૨૪ વર્ષ પહેલાં એનસીપીની સ્થાપના કરી હતી. અજિત પવારની સાથે એનસીપીના આઠ નેતાઓએ પણ એકનાથ શિંદે-ભાજપના નેતૃત્વવાળી સરકારમાં મંત્રી તરીકે શપથ લીધા હતા.

**મહારાષ્ટ્રમાં પવાર-શિંદે જૂથ વચ્ચે ખાતાની વહેંચણી મુદ્દે વિવાદ**

મહારાષ્ટ્માં રવિવારથી શરૂ થયેલું રાજકીય મહાયુદ્ધ આજે પણ યથાવત્ જોવા મળી રહ્યું છે. અજિત પવારે શિંદે સરકારમાં નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ શરદ પવાર તરફથી અજિત સહિત ૮ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે અરજી દાખલ કરાઈ છે. ત્યારે અજિત સાથે જોડાયેલા ૨ ધારાસભ્યો શરદ કેમ્પમાં પરત ફર્યા છે. આ ઘટનાક્રમ વચ્ચે શરદ પવારે સાંસદ પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે, તો અજિતે પણ નવી ટીમની જાહેરાત સાથે નવા ગઠબંધનની પણ જાહેરાત કરી દીધી છે.

### શેરબજારમાં સતત પાંચમાં દિવસે તેજીનો ચમકારો

## શેરબજારની વિક્રમી આગેકૂચ જારી, બેન્ચમાર્ક ઇન્ડેક્સ નવા શિખરે

। મુંબઈ, તા.૪ ।

ભારતીય સ્થાનિક શેરબજારમાં મંગળવારે સવારથી જ તેજી જોવા મળી હતી, જે બજાર બંધ થયા પછી પણ ચાલુ રહી હતી. સેન્સેક્સ સતત ૫માં દિવસે વધતો રહ્યો અને ૨૭૪ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો. જ્યારે નિફ્ટી પણ ૧૯૪૦૦ના સ્તરની નજીક બંધ રહ્યો હતો. એનબીએફસીસેક્ટરની કંપનીઓના શેરોમાં તેજી જોવા મળી હતી. તે જ સમયે, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સ્થાનિક શેરબજારમાં મંગળવારે તેજી નોંધાઈ હતી. બીએસઈસેન્સેક્સ ૨૭૪ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૬૫,૪૭૯.૦૫ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી ૬૬.૪૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકાના વધારા સાથે ૧૯,૩૮૯.૦૦ના



સ્તર પર બંધ થયો હતો. જો કે, રોકાણકારો દ્વારા ભારે પ્રોફિટ-બુકિંગને કારણે ૧૩ મુખ્ય ક્ષેત્રીય સૂચકાંકોમાંથી ૮માં નુકસાન થયું હતું. જૂન ક્વાર્ટરમાં નવી લોનમાં ૩૪%ની વૃદ્ધિ નોંધાવ્યા બાદ નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓએ ૮% સુધીનો ઉછાળો નોંધાવ્યો હતો.

### કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં થયો વધારો

## કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં સાત રૂપિયાનો વધારો

। નવી દિલ્હી, તા.૪ ।

તેલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોગ્રામવાળા કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૭ રૂપિયાનો વધારો કરી દીધો છે. દિલ્હીમાં તેની રિટેલ પ્રાઈસ ૧૭૭૩ રૂપિયાથી વધીને ૧૭૮૦ રૂપિયા થઈ ગઈ છે. તો વલી ઘરેલૂ એલપીજી કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથીં. અહીં ઉલ્લેખનિય છે કે, સતત ત્રીજી વાર ભાવમાં ઘટાડા બાદ કમર્શિયલ એલપીજીની કિંમતમાં વધારો કર્યો છે. એપ્રિલ, મે અને જૂનમાં તેના ભાવ ઘટાડ્યા હતા. જો કે માર્ચમાં કમર્શિયલ એલપીજીની કિંમતમાં ખૂબ જ ઉછાળો જોવા મળ્યો હતો. ઘરમાં ઉપયોગમાં



લેવાતા ૧૪.૨ કિલોગ્રામવાળા સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી થયો. છેલ્લા તેના ભાવ ૧ માર્ચ ૨૦૨૩ના રોજ ફેરફાર થયા હતા. ત્યારે ૫૦ રૂપિયા સસ્તો થયો હતો. દિલ્હીમાં ઘરેલૂ એલપીજીની કિંમત ૧૧૦૩ રૂપિયા છે, તો વળી કલકતામાં તે ૧૧૨૯, ચેન્નાઈમાં ૧૧૧૮.૫૦ અને મુંબઈમાં ૧૧૧૨.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર મળી રહ્યો છે.

## ખાલિસ્તાનીઓએ કેનેડા - ઓસ્ટ્રેલિયામાં ભારત સામે પોસ્ટરો લગાવીને ઝેર ઓક્યું

। કેનબરા, તા.૪ ।

અમેરિકામાં રવિવારે સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસમાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા આગચંપી કરવામાં આવી હતી. તેની સાથે સાથે ખાલિસ્તાનીઓએ કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ ભારત સામે પોસ્ટરો લગાવીને ઝેર ઓક્યુ છે. આ બંને દેશોમાં ભારતના હાઈ કમિશન અને કોન્સ્યુલેટ જનરલની ઓફિસો પર ભારતના ડિપ્લોમેટ્સના ફોટોગ્રાફ સાથેના પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. આ સિવાય મેલબોર્નમાં આઠ જુલાઈએ ભારતીય દૂતાવાસ સુધી રેલી કાઢવાની તૈયારીઓ ખાલિસ્તાની આતંકીઓએ શરુ કરી છે. આ અહેવાલ એવા સમયે આવ્યા છે જ્યારે ભારતના વિદેશ મંત્રી ડો. જયશંકરે મિત્ર દેશોને અપીલ કરી છે કે, ખાલિસ્તાનીઓએ પ્લેટફોર્મ આપવામાં ના આવે. ઓસ્ટ્રેલિયામાં લગાવાયેલા પોસ્ટરોમાં રાજદૂત મનપ્રીત વોહરા અને કોન્સ્યુલર જનરલ ડોક્ટર સુશીલ કુમારના ફોટો લગાવાયા છે. જેની સાથે એક એક-૪૭ દર્શાવાઈ છે અને પોસ્ટર પર કિલ ઈન્ડિયા લખવામાં આવ્યુ છે.

કેનેડા બાદ ઓસ્ટ્રેલિયામાં વધી રહેલી ખાલિસ્તાનીઓની હિલચાલ ભારત માટે ચિંતાજનક છે. ૨૯ જાન્યુઆરીએ જ મેલબોર્નમાં ભારતીય સમર્થકો અને ખાલિસ્તાની સમર્થકો વચ્ચે અથડામણ પણ થઈ હતી. ઓસ્ટ્રેલિયામાં કેટલાક મંદિરોને પણ ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. તાજેતરમાં પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઓસ્ટ્રેલિયન પીએમ સમક્ષ આ મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

ડો. જયશંકરે પણ કહ્યુ છે કે, કેનેડા અને ઓસ્ટ્રેલિયાની સરકારો સમક્ષ પોસ્ટરો લગાડવાનો મુદ્દો ભારત સરકાર ઉઠાવશે. કારણકે આ પોસ્ટરો થકી ભારતીય ડિપ્લોમેટ્સને સીધી જાનથી મારી નાંખવાની ધમકી જ આપ વામાં આવી છે. આ પ્રકારની કટ્ટરવાદી વિચારધારા ભારતના મિત્ર દેશો સાથેના સબંધો માટે સારી નથી.




CMYK CMYK

### થાનમાં પાલિકાની ઘોર બેદરકારી સામે આવી

# સુરેન્દ્રનગરના થાનમાં સ્થાનિકો ગટરના પાણીમાં ચાલવા માટે મજબૂર બન્યા



। સુરેન્દ્રનગર, તા.૪ ।

સુરેન્દ્રનગરના થાનમાં પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. પાલિકા વિસ્તારમાં આવેલા વોર્ડ-૪માં દરરોજ ગટરો ઉભરાતી હોવાની રાવ સામે આવી છે. વોર્ડ-૪માં દરરોજ ગટરો ઉભરાતી હોવાથી લોકો ગંદા પાણી વચ્ચે રહેવા અને ચાલવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોમાં પાલિકા તંત્ર સામે રોષ વ્યાપ્યો છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે, કે વોર્ડ-૪ વિસ્તારમાં સ્થાનિકોના ઘરની પાસે તેમજ માર્ગો અને શેરીઓમાં ગટરોના ગંદા પાણી ફરી વળ્યા છે. તેમજ સ્થાનિકો ગંદા પાણીમાં ચાલવા માટે મજબૂર બન્યા છે. સ્થાનિકઓએ કહ્યું, કે વારંવાર તંત્રને આ વિશે રજૂઆત પણ કરવામાં આવી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. દરરોજ ઉભરાતી ગટરોના ગંદા પાણીથી લોકોને કેટલીક બીમારીઓ પણ થઈ શકે છે. મહત્વનું છે, કે નિંદ્રાધીન તંત્રએ પોતાની ઊંઘ ઉડાડવાની જરૂર છે. અને તંત્ર આ વિસ્તારમાં ધ્યાન આપે અને ગટરોની કામગીરી કરે તે જરૂરી છે. સ્થાનિકોએ માગ કરી છે, કે તાત્કાલિક ધોરણે ગટરના ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે.

### ઘર જમાઈ બનવા દબાણ કરતા કર્યો આપઘાત

# સરખેજમાં સાસરિયાના ત્રાસથી કંટાળીને યુવકે આપઘાત કર્યો

। અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના સરખેજમાં સાસરિયાના ત્રાસથી કંટાળીને એક યુવકે ગત માર્ચ મહિનામાં આપઘાત કર્યો હતો.

વેજલપુરમાં રહેતા અને ટોરેન્ટ પાવરમાં નોકરી કરતા અક્ષય ચૌધરી નામના યુવકે લગ્નના ૩ મહિનામાં જ સાસરિયા પક્ષના લોકોના અસહ્ય ત્રાસથી કંટાળીને મોતને વ્હાલું કર્યું હતું. તેણે આપઘાત કરતા પહેલા વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં તેણે પોતાની પત્ની પ્રિયંકા, સસરા પ્રવિણ શિકારી, સાસુ ભારતી શિકારી અને અન્ય સાસરિયા દ્વારા આપવામાં આવતા માનસિક ત્રાસની આપ વીતી રજૂ કરી હતી. આપઘાતના ત્રણ માસ પહેલા જ યુવક અક્ષયના લગ્ન પ્રિંયકા સાથે થયા હતા. અક્ષય ચૌધરીએ પ્રેમાળ અને સુશીલ પત્નીના સપના જોયા હતા અને સમાજના રીતિ રિવાજ મુજબ પ્રિયંકા સાથે લગ્ન કર્યા હતા, પરતું પ્રિયંકાએ ઘરમાં આવીને તેના સપના તોડી નાખ્યા હતા. પત્ની અને સાસરિયાના દબાણ અને માનસિક ત્રાસથી કંટાળીને અક્ષય ચૌધરીએ આપઘાતનું અંતિમ પગલું ભર્યું હતું. આ ઘટનાથી એકના એક દીકરાને ગુમાવનાર માતા-પિતા ન્યાયની માંગ કરી રહ્યા છે અને આરોપીઓને કડક સજા થાય તેવી માંગ કરી રહ્યા છે.

# અમદાવાદનાં બોપલનાં પોશ વિસ્તારમાં ચોર ટોળકીનો આતંક દિવસે વધી રહ્યો છે

### ચીજ વસ્તુની ચોરી સાથે નાસ્તો પણ કરીને જતી ચોર ટોળકીનો આતંક, એક જ ઘરને ચાર વખત ટાર્ગેટ બનાવવામાં આવ્યું

। અમદાવાદ, તા.૪ ।

અમદાવાદનાં બોપલનાં પોશ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ચોર ટોળકીનો આતંક દિવસે દિવસે વધી રહ્યો છે. ત્યારે ચોરોને પકડવા માટે પોલીસ તેમજ રહીશો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. તો પણ ચોર ટોળકી પોલીસ પકડથી દૂર છે. ચોર ટોળકી દ્વારા એક જ માસમાં સાત થી વધુ મકાનોમાં ચોરીને અંજામ આપ્યો છે. તેમજ ચોર ટોળકી CCTV કેમેરામાં કેદ પણ થઈ છે. ત્યારે પોલીસ ચોર ટોળકીને શોધવા માટે ચક્રોગતિમાન કર્યા છે. પરંતું હજુ સુધી ચોર ટોળકી પોલીસને હાથ લાગી નથી.

અમદાવાદનાં પશ્ચિમ વિસ્તાર એવા બોપલ ધીમે ધીમે હરણફાળ વિકાસ થઈ રહ્યો છે. ત્યારે ત્યાં રહેતા રહીશોની સુરક્ષા પર અનેક સવાલ ઉભા થયા છે. બોપલનાં પોશ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકીએ આતંક મચાવ્યો છે. ત્યારે ચોરીની ઘટનાંઓ વધતા રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ચોરોએ બોપલ વિસ્તારમાં આવેલ પરમધામ સોસાયટીમાં એક જ માસમાં ૭ થી વધુ મકાનમાં ચોરીને અંજામ આપ્યો છે. ચોરો ચોરી કરતી વખતે ઘરવખરીનો સામાન અને કિંમતી ચીજ વસ્તુની જ ચોરી કરે છે.

પરમધામ સોસાયટીમાં ચોર ટોળકી દ્વારા એક જ મકાનમાં ચાર વખત ચોરીને અંજામ આપ્યો છે. ત્યારે ચોર ટોળકી CCTV કેમેરામાં કેદ પણ થવા પામી છે. ચોર ટોળકી દ્વારા સિનિયર સીટીઝનને લોક કરીને ચોરીને અંજામ આપ્યો છે.ત્યારે આ અંગે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ચોર ટોળકીની દહેશનથી ખુદ રહીશોએ ઉજાગરા કરવાનો વારો આવ્યો છે.

સામાન ચોરી અને નાસ્તો કરીને ચોર ટોળકી ફરાર થઈ જાય છે. ત્યારે આ બાબતે બોપલ પોલીસ સ્ટેશનમાં ચોરીને ફરિયાદ નોંધાઈ છે. પરંતું પોલીસ દ્વારા પણ કંઈ કામગીરી કરવામાં ન આવતા સોસાયટી દ્વારા દરેક લાઈનમાં સિક્યુરીટી ગાર્ડ મુકવા માટેની કાર્યવાહિ હાથ ધરી છે. તેમજ દરેક મકાનમાં cctv રાખવાની પણ કાર્યવાહિ સોસાયટીનાં રહીશો દ્વારા શરૂ કરાઈ છે. રહીશો દ્વારા પોલીસ સુરક્ષા વધારવાની માંગ કરવામાં આવી છે.

બોપલની પરમધામ સોસાયટીમા રહેતા રહીશોમા ચોર ટોળકીની દહેસત વધી રહી છે.. મોડી રાત સુધી ઉજાગરા કરીને ચોર ટોળકીથી સાવચેત રહે છે.. આ સોસાયટીમા એનઆરઆઈ પરિવાર રહેતા હોય છે.. એક એનઆરઆઈ પરિવારના મકાનમા તો બે વર્ષમા ૪થી ૫ વખત ચોરીની ઘટના બની છે.. ચોરીની કિંમત કરતા ચોરી દરમ્યાન ફર્નિચરને ચોર ટોળકી નુકસાન કરે છે જેથી તેના સમારકામનો ખર્ચ વધી જાય છે.. અને આ ચોરીની કારણ ૭થી ૮ લાખ ઘરના રિનોવેશનનો ખર્ચ થઈ રહયો છે.. પરંતુ પોલીસ હજુ આ ચોર ટોળકીને પકડવા કે તેની પર નિયંત્રણ લાવી શકી નથી. આ પરિવાર દહેસત વચ્ચે પોતાના ઘરમા રહે છે.. અને પોલીસ સુરક્ષા નહિ આપતા હવે સોસાયટીએ દરેક ઘર દીઠ સીકયુરીટી ગાર્ડ રાખવાનો નિર્ણય કર્યો છે.



સરખેજ મકતમપુરા ફતેવાડી રોડ પર ગઈ કાલે રાતે ખાડો પડતા ૧ ટ્રક દબાઈ ગયેલ જેને બહાર કાઢી.

# સીરીયલમાં કંસનું પાત્ર ભજવતો શખ્સ પૈસા ઝુંટવીને થતો ફરાર, સુરત પોલીસે ઝડપ્યો

। સુરત, તા.૪ ।

વૈભવી લાઈફ સ્ટાઈલ જીવવા માટે લોકો સાથે છેતરપિંડી કરી નાણાં મેળવી ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપતા ઈસમને રાંદેર પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી અલગ-અલગ દુકાનદારો પાસેથી છુટા પૈસા આપવાના બહાને દુકાનદારને છેતરી અથવા તો તેની પાસેથી રોકડા નાણા ઝૂંટવી ભાગી જતો હતો. સુરતના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આ આરોપી સામે છેતરપિંડીના ગુનાઓ પણ નોંધાયા છે. સુરતની રાંદેર પોલીસને છેતરપિંડીના ગુનામાં ભાગતા ફરતા આરોપીને પકડવામાં મોટી સફળતા મળી છે. આરોપીનું નામ અહેમદ રજા ઉર્ફે અયાન તેલી હોવાનું સામે આવ્યું છે. આરોપી અહેમદ એટલો શાતીર હતો કે જ્યારે તેને પોલીસ પકડવા જાય ત્યારે તે પોતાને ખેંચ આવી હોવાનું નાટક કરતો હતો. આરોપી એક્ટિંગ પણ એટલી સારી રીતે કરતો હતો કે, સામેના વ્યક્તિને ખરેખર એવું લાગે કે આરોપીને ખેંચ આવી છે. જોકે રાંદેર પોલીસે આરોપીના આ ઝાંસામાં ન આવી અને તેને ઝડપી પાડ્યો છે. આરોપી ૨૦૧૭-૧૮માં સ્ટાર ગ્રુપની ચેનલ પર આવતી રાધા કૃષ્ણ નામની લોકપ્રિય સિરિયલમાં ભીમનો કીર્દાર નિભાવી ચૂક્યો છે. આ ઉપરાંત તે આ સિરિયલમાં કંસનું પાત્ર પણ ભજવતો હતો. જે તે સમયે એક દિવસના શૂટિંગના આરોપીને ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. જોકે આરોપીને રિલ્સ બનાવવાનો તેમજ સોશિયલ મીડિયા પર ફોલોઅર્સ વધારવાનો શોખ હતો અને એટલા માટે તેને લકઝુરીયર્સ ગાડી તેમજ ટુવ્હિલરની જરૂર પડતી હતી. ત્યારબાદ તે ધીમે ધીમે ડ્રગ્સના રવાડે ચડેલા મિત્રોની સંગતમાં આવ્યો હતો. ત્યારબાદ પોતાને પણ ડ્રગ્સની આદત લાગી ગઈ હતી. આરોપી પોતાના મિત્રો સાથે વૈભવી કારમાં ફરવાનો તેમજ સારી કંપનીના મોબાઈલ વાપરવાની ટેવ ધરાવવા લાગ્યો હતો. આ માટે તેને ખૂબ જ વધારે પૈસાની જરૂર પડતી હતી અને એટલા માટે ધીમે ધીમે તે ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળ્યો હતો. આરોપી પોતે એક્ટર હતો અને દેખાવે પણ સારો હોવાના કારણે કોઈપણ વ્યક્તિને પોતાના ઝાસામાં ફસાવી લેતો હતો. આરોપી અહેમદ રઝા દવાની દુકાન, જ્વેલર્સની દુકાન, કરિયાણાની દુકાન પર જઈને પોતે બાજુની ઓફિસમાં નોકરી કરે છે તેવું જણાવી છુટાના બદલામાં ૫૦૦ના દરની નોટોનું બંડલ જોઈએ છે તેવું કહીને લોકોને વિશ્વાસમાં લેતો હતો. ત્યારબાદ દુકાનદાર કે પછી તેના કર્મચારી પાસેથી આ પૈસા છીનવી લઈ કે પછી છેતરપિંડીથી આ પૈસા પડાવી લઈ અહેમદ રઝા ભાગી જતો હતો. મહત્વની વાત છે કે, આરોપી છેલ્લા બે વર્ષથી એકલો જ રહેતો હતો અને કોઈ કામ કરતો ન હતો તો આરોપીના પિતા આધારકાર્ડ અને પાનકાર્ડ બનાવવાનું કામ કરે છે. મહત્વની વાત છે કે, અહેમદ રઝાએ ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે અને તે સુરતની જનતા માર્કેટમાં મોબાઈલ રીપેરીંગનું કામ કરતો હતો. ત્યારબાદ તેને એક્ટિંગમાં રસ જાગ્યો અને થોડા વર્ષો અગાઉ ઈન્સ્ટાગ્રામ તેમજ ફેસબુક પર એકાઉન્ટ બનાવી તે પોતાની એકટીંગ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં અપલોડ કરવા લાગ્યો અને ત્યારબાદ ઉમરગામ ખાતે એક્ટિંગ કરવા ગયો હતો. જ્યાં તેને ૨૦૧૭-૧૮માં સાઈડ રોલ તરીકે રાધાકૃષ્ણ સીરીયલમાં કંસ અને ભીમનું પાત્ર ભજવવાનું મોકો મળ્યો હતો.

### હવે સિંહ જોવા ગીર નહીં જવું પડે

# બોટાદમાં સિંહે એન્ટ્રી કરી, થોડા વર્ષો બાદ અમદાવાદમાં આગમન સંભવ

### બોટાદમાં સબએડલ્ટ સિંહે કર્યો પ્રવેશ, આગામી ૨૫ વર્ષમાં શહેરમાં એન્ટ્રી કરી શકે

। અમદાવાદ, તા.૪ ।

ગયા વર્ષે તૈયાર કરાયેલા એશિયાટિક સિંહ માટે ૨૦૪૭ના વિઝન ડોક્યુમેન્ટમાં એવો અંદાજ હતો કે આ સિંહો ૨૫ વર્ષમાં અમદાવાદની આસપાસના વિસ્તારોમાં પહોંચી જશે. પરંતુ એવું લાગે છે કે હવે ૨૦૩૦ સુધીમાં અમદાવાદની આસપાસના જિલ્લાઓમાં જંગલના રાજાની ગર્જના સંભળાશે. ત્રણ સિંહો જેમાં એક સિંહણ અને બે બચ્ચા એ બોટાદ જિલ્લાના છ ગામોને આવરી લેતો વિસ્તાર બનાવ્યો છે. જે અમદાવાદથી લગભગ ૧૫૦ કિમી દૂર છે. જે તેમની ઘરની શ્રેણી છે જ્યારે એક પુરુષે વેળાવદરથી લગભગ ૧ કિમી દૂર કાયમી પ્રદેશ બનાવ્યો છે. આ ચાર પ્રાણીઓ હવે અમદાવાદ જિલ્લાની સરહદોથી માત્ર ૫૦ કિમી દૂર છે. સિંહોની વસતિમાં વધારો એ સુનિશ્ચિત કરશે કે અમદાવાદની આસપાસના જિલ્લાઓ ૨૦૩૦ સુધીમાં સિંહોનું ઘર બની જશે. વન વિભાગે જણાવ્યું હતું કે બોટાદમાં સિંહણ અને બચ્ચાઓની હોમ રેન્જ ટિમ્બક, ઈટરીયા, રામપરા, વાવડી, લીંબડીયા અને મોતી કુંડલ ગામોને આવરી લે છે. કેટલાક નર સિંહો પણ આ વિસ્તારમાં ફરતા જોવા મળ્યા હતા. આનો અર્થ એ છે કે આ બે પુરુષો ટૂંક સમયમાં ત્યાં એક પ્રદેશ સ્થાપિત કરશે. ગાંધીનગરના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું તે વેળાવદર નજીક વલ્લભીપુર તાલુકામાં એક સિંહ ફેબ્રુઆરીમાં આ વિસ્તાર વટાવીને અમદાવાદ જિલ્લા તરફ ગયો હતો. પરંતુ બે દિવસ આ વિસ્તારમાં રહીને અમરેલી તરફ પાછો ફર્યો હતો. ગાંધીનગરના ઉચ્ચ અધિકારીએ વધુમાં કહ્યું કે આ સિંહ અમરેલી, બાબરા અને વેળાવદર વચ્ચે વારંવાર ફરે છે.

### સરદાર સરોવર ડેમ ૫૫ ટકાથી વધુ ભરાયો

# રાજ્યના ૨૦૮ જળાશયોમાં ૩૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો

### રાજ્યના ૧૯ જળાશયો સંપૂર્ણ છલકાયા છે જ્યારે ૨૯ જળાશયો ૭૦ ટકાથી વધુ ભરાયા

। અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં ૩ જૂલાઈએ સવારે ૮ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં, પાણીના કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. સરદાર સરોવર ડેમમાં ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જયારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે.


રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજીયાસર, ધાતરવાડી, વાડિયા, સંકોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જુનાગઢનું ઉબેન, હસનપુર, મોટા ગુજેરીયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટી, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામગનરનું વઘાડીયા, સપાડા અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે.

આ સિવાય હાલમાં ઉતર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્યગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે.

## વિશેષ

### ઘોર આ કળિયુગમાં તો બે સગાભાઈ ઓ પણ એક ઘરમાં સાથે રહી શકતા નથી લગ્ન થયાં કે જુદા થવાની વાત આવે છે

# અવધ તહાં જહું રામ નિવાસૂ, તહંઈ દિવસ જહું માનુ પ્રકાસૂ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(થરા)

હમણાં જ કયાંક જાણવા મળ્યું કે એક ગામમાં ૮૬ વ્યક્તિઓ એક જ રસોડે જમે છે અને આનંદ કિલ્લોલથી સાથે જ રહે છે. ઝગડો મનદુઃખ થાય તો ક્ષણિક પાછો પરિવાર હસતો રમતો જોવા મળે આજના સમયે આવા પરિવારમાં બધું જ છે તે સમજવું અહી કોઈ ગ્રહ નક્ષત્ર નડતાં નથી. આ વચ્ચે મોબાઈલની લમણાઝીંક માં પરિવાર કુટુંબ ભાવના તુટી રહી છે. ઘોર આ કળિયુગમાં તો બે સગાભાઈ ઓ પણ એક ઘરમાં સાથે રહી શકતા નથી. લગ્ન થયાં કે જુદા થવાની વાત આવે છે. આપણી સંયુક્ત કુટુંબની પ્રથા હવે ભૂલાતી જાય છે. સંયુક્ત કુટુંબ પદ્ધતિ એ આપણા ત્રણેય મહાન ગ્રંથોનો આદર્શ છે. શ્રીકૃષ્ણ-બલરામ બે ભાઈ, પણ ઘર એક જ. શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચાર ભાઈ, પણ ઘર એક જ. પાંડવો પાંચ છતાં ઘર એક જ. ભાગવત, રામાયણ અને મહાભારત આ ત્રણેય આદર્શ એક જ છે : સંયુક્ત કુટુંબ. ભાઈઓ આપસમાં મન મોટાં રાખે, આંખોમાં પ્રેમ રાખે તો ઘરમાં ઝઘડો થશે નહિ. જે ઘરમાં ઝઘડો નથી પણ પ્રેમ છે, તે ઘર તીર્થસ્થાન બનશે, અયોધ્યા બનશે, અને રામજી ત્યાં નિવાસ કરશે. તીર્થમાં રહો એ સારું છે, પણ તમારાં શરીરને અને ઘરને તીર્થ જેવું પવિત્ર તે ઉત્તમ છે. અયોધ્યાકાંડનો જે ઘરમાં પાઠ થાય તે ઘર અયોધ્યા જેવું બને. ઘરમાં ભાઈઓ અયોધ્યાકાંડનો પાઠ કરે તો ઝઘડો થાય જ નહિ.

પરિવારમાં જયારે મારું મારુંની ભાવના આવે છે ત્યારે પરીવાર તૂટે છે. રામાયણમાં ભગવાન રામચંદ્રજી અને ત્રણ ભાઈઓ એક આદર્શ પરીવાર જેમાં મંથરાના ઝેરની પણ અસર કંઈ કરી શક્તિ નથી.અવર્ગુન જિ સબ કે ગુન ગહહી, બિપ્ર ધેનુ હિત સંકટ સહહીં. રામ ભગત પ્રિય લાગહિં જેહી, તેહિ ઉર બસહુ સહિત બૈદેહી. શ્રીરામજીની પ્રત્યેક લીલામાં સરળતા છે. જે અતિ સરળ છે તેને કોઈનો દોષ દેખાતો નથી. પ્રભુ તરુ તરપિડાર પર.રામજી ઝાડ તળે વિરાજે છે અને વાનરો ઝાડ ઉપર ચઢીને બેસે. કાયદો તો એવો છે કે માલિક ઊંચે આસને બેસે અને નોકરો નીચે બેસે. પણ આ વાનરો તો ઊંચા વૃક્ષ પર બેસે છે, રમે છે, કૂદાકૂદ પણ કરે છે. પણ રામજીને જરા ય ખોટું લાગતું નથી કે અપમાન લાગતું નથી. કેમકે તેઓ અતિ સરળ છે.પ્રભુએ તો સભામાં વાનરોનાં વખાણ કર્યાં છે : તુમ્હરે બલ મૈં રાવનું મારયો.'રામચંદ્રજી એ ગુરુ વસિષ્ઠજીને કહ્યું કે, 'ગુરુજી, આ વાનરોની મદદથી જ હું રાવણને






શક્યો.' પરમાત્મા રામચંદ્રજીને વાનરો શું મદદ કરવાના હતા ?પણ શ્રીરામ વાનરોનાં વખાણ કરે છે, બધો યશ એમને આપે છે. રામજી વાનરો સાથે પણ બહુ પ્રેમ કરે છે.અંદર નજર કરો સરલ સુભાવ ન મન કુટિલાઈ, જથા લાભ સંતોષ સદાઈ. બહુતે કહઉં કા કથા બઢાઈ, હિ આચરન બસ્ય મૈં ભાઈ.

રામજીની સરળતાનું વર્ણન રામાયણમાં ઠેકઠેકાણે આવે છે. જે અતિ સરળ છે તેના જ હૃદયમાં રામજી પ્રવેશે છે. મનમાં હોય તેવું બોલો. મન, વાણી અને ક્રિયામાં એક બનનાર રામજીને ગમે છે. રામજી કહે છે : મોહે છલ છિદ્ર કપટ નહિં ભાબા.

કપટ-દંભ કરવાથી હૈયું વાંકુ થાય છે. વાંકા હૈયામાં પ્રભુનો પ્રવેશ થતો નથી. પ્રભુને હૃદયમાં પ્રવેશ કરાવવો હોય તો હૃદય બહુ સરળ કરો. સરળ હૃદયમાં રમવું શ્રીરામને ગમે છે. જેનું હૃદય સરળ છે એને ઘણા ભાગે બીજાનો દોષ દેખાતો નથી; અને કદાચ દેખાય તો એને ધૃણા આવતી નથી. એ કોઈનો ય તિરસ્કાર કરતો નથી. એને અભિમાનનો સ્પર્શ થતો નથી. તમારા હૃદયમાં સતત ડોકિયું કરો. તે વાંકુ તો નથી થતું ને ? સાધારણ માનવી બહાર જુએ છે, પણ અંદર નજર કરતો નથી. જ્યાં સુધી માનવ સંસાર સાથે બહુ પ્રેમ કરે છે ત્યા સુધી એની દ્રષ્ટિ બહાર જ હોય છે, જેની દ્રષ્ટિ બહાર જ હોય છે અંદર જતી નથી, તેનું હૃદય વાંકુ થાય છે, જેનું હૃદય વાંકું છે તે કદાચ પૈસા ભલે કમાઈ શકે, પણ એના હૃદયમાં પરમાત્મા આવતા નથી .. હૃદય સાફ સુથારું રાખી જીવન જીવવાની કળા શીખીએ.

**ન્યૂઝ બ્રિફ**

## એશિયા કપમાં ભારત-પાકની 3 સપ્ટેમ્બરે ટક્કરની શક્યતા

। નવી દિલ્હી, તા.૪ ।

લાખો ક્રિકેટ ફેન્સ એશિયા કપ ૨૦૨૩ની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. ભારત અને પાકિસ્તાનની ટક્કર થવાની છે. એશિયા કપ પાકિસ્તાન અને શ્રીલંકામાં સંયુક્ત રૂપથી ૩૧ ઓગસ્ટથી ૧૭ સપ્ટેમ્બર વચ્ચે રમાશે. એશિયા કપ ૨૦૨૩નો પ્રારંભ ૩૧ ઓગસ્ટથી થવાનો છે. એટલે કે આ ટૂર્નામેન્ટ માટે વધુ સમય બાકી નથી. ઘણા ક્રિકેટ ફેન્સ આ ટૂર્નામેન્ટની રાહ જોઈ રહ્યાં છે, કારણ કે આ દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર જોવા મળશે. બંને ટીમને એક ગ્રુપમાં રાખવામાં આવી છે. પરંતુ હજુ સુધી ટૂર્નામેન્ટનો કાર્યક્રમ જાહેર થયો નથી. આ વચ્ચે માહિતી સામે આવી છે કે દરેક ટીમોને ડ્રાફ્ટ શેડ્યૂલ મોકલી દેવામાં આવ્યું છે. તે પ્રમાણે ભારત અને પાકિસ્તાનની ટક્કર ૩ સપ્ટેમ્બરે થઈ શકે છે. એશિયા કપ ૩૧ ઓગસ્ટે શરૂ થશે અને ૧૭ સપ્ટેમ્બરે ફાઈનલ રમાશે. આ ટૂર્નામેન્ટમાં છ ટીમ ઉતરશે.

બીસીસીઆઈને એક અધિકારીએ જણાવ્યું કે અંતિમ સમયમાં કેટલાક ફેરફારને લઈને ચર્ચા ચાલી રહી છે. પ્રારંભિક શેડ્યૂલ દરેક બોર્ડને મોકલી દેવામાં આવ્યું છે. આ સપ્તાહના અંત સુધી કાર્યક્રમ જાહેર કરવામાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે ચોમાસાને કારણે કોલંબોમાં મેચ યોજવાને લઈને સમસ્યા છે. ભારત અને પાકિસ્તાનની મેચ માટે આ વેન્યૂ યોગ્ય હતું, પરંતુ અહીં વરસાદ વિલન બની શકે છે. જાણકારી અનુસાર ભારત અને પાકિસ્તાનની મેચ દાંબુલામાં રમાઈ શકે છે. એશિયા કપની નવી સીઝનના આયોજનની જવાબદારી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મળેલી છે. પરંતુ ભારતે પાકિસ્તાન પોતાની ટીમ મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. તેણે ટૂર્નામેન્ટને ન્યૂટ્રલ વેન્યૂ પર કરાવવાની માંગ કરી હતી. પરંતુ પીસીબીએ તેને નકારી દીદી હતી. તેણે કહ્યું કે ટૂર્નામેન્ટ પાકિસ્તાનથી શિફ્ટ કરવામાં આવે તો તે રમશે નહીં. તેના કારણે એશિયા કપનું આયોજન બે દેશોમાં કરવામાં આવી રહ્યું છે. શરૂઆતી ચાર મેચ પાકિસ્તાનમાં રમાશે, જ્યારે બાકીની ૯ મેચ શ્રીલંકામાં રમાશે. ટીમ ઈન્ડિયા પોતાની દરેક મેચ શ્રીલંકામાં રમશે, ફાઈનલનું આયોજન પણ ત્યાં થશે.

### અમેરિકામાં સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા ફરી એકવાર ફાયરિંગની ઘટના

# Philadelphiaમાં આઠ લોકોને મારી ગોળી, ચારનાં મોત

### ૧૮ જૂલાઈએ અમેરિકાના ઈન્ડિયાનામાં ગ્રીનવુડ પાર્ક મોલમાં ફાયરિંગની ઘટના બની હતી, આ ફાયરિંગની ઘટનામાં ૧૦ લોકોને ગોળી વાગી હતી

। વૉશિંગ્ટન, તા.૪ ।

અમેરિકામાં સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા ફરી એકવાર ફાયરિંગની ઘટના બની છે. ફાયરિંગમાં ૮ લોકોને ગોળી મારવામાં આવી હતી જેમાંથી ચાર લોકોના મોત થયા છે. ઈજાગ્રસ્તોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે, ઘટના બાદ પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે. તેણે શા માટે ફાયરિંગ કર્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. આ ફાયરિંગની ઘટના પેન્સિલવેનિયા કાઉન્ટીના **Philadelphia**માં બની હતી. અહીં એક બંદૂકધારીએ ખુલ્લેઆમ ફાયરિંગ શરૂ કરીદીધું. રાજ્યપોલીસના જણાવ્યા અનુસાર હુમલાખોરે બુલેટ પ્રૂફ જેકેટ પહેર્યું હતું. અટકાયત કરાયેલ શંકાસ્પદ હેન્ડગન, રાઈફલ અને અનેક મેગઝીનથી સજ્જ હતો. એક રિપોર્ટ અનુસાર, જ્યારે પોલીસ ઘટનાસ્થળે




પહોંચી ત્યારે પણ હુમલાખોર લોકો પર અંધાધૂંધ ફાયરિંગ કરી રહ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. પોલીસે હુમલાખોર પાસેથી એક રાઈફલ, એક હેન્ડગન અને મેગઝીન જપ્ત કર્યા હતા. ૧૮ જૂલાઈએ અમેરિકાના ઈન્ડિયાનામાં ગ્રીનવુડ પાર્ક મોલમાં ફાયરિંગની ઘટના બની હતી. આ ફાયરિંગની ઘટનામાં ૧૦ લોકોને ગોળી વાગી હતી. જેમાંથી ૩ના મોત થયા હતા. ૧૧ જૂલાઈના રોજ કેલિફોર્નિયાના દક્ષિણ ભાગમાં હાઉસ પાર્ટી દરમિયાન હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

આ ઘટનામાં એક મહિલા સહિત ૫ લોકોને ગોળી વાગી હતી જેમાંથી ૩ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૪ જુલાઈના રોજ અમેરિકામાં ૨૪૬મો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન શિકાગો, ઈલિનોયના હાઈલેન્ડ પાર્કમાં પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં અચાનક ગોળીબાર શરૂ થયો, જેમાં ૬ લોકોના મોત થયા. બીજા જ દિવસે ૫ જુલાઈએ ઈન્ડિયાનાના બ્રેઈન્ડિયાના ગેરી વિસ્તારમાં ફાયરિંગને કારણે ૩ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૧ જૂનના રોજ ઓક્લાહોમાના ટુલસામાં એક વ્યક્તિએ હોસ્પિટલની બિલ્ડિંગમાં ઘૂસીને ગોળીબાર કર્યો. આ ઘટનામાં ૪ લોકોના મોત થયા હતા. ગુનો કર્યા બાદ હુમલાખોરે આત્મહત્યા પણ કરી લીધી હતી. અમેરિકાના ટેક્સાસમાં ૧૫ મેના રોજ સૌથી ખતરનાક ઘટના બની હતી. ઉવાલ્ડે શહેરમાં એક ૧૮ વર્ષના છોકરાએ સ્કૂલમાં ઘૂસીને ગોળીબાર કર્યો હતો, જેમાં ૧૯ વિદ્યાર્થીઓ સહિત ૨૩ લોકોના મોત થયા હતા. આ હુમલામાં ૩ શિક્ષકોએ પણ જીવ ગુમાવ્યો હતો. કંબોડિયાની રાજધાની ફ્નોમ પેન્હમાં શનિવારે (૧ જુલાઈ) નાઈટક્લબમાં આગ લાગવાથી આઠ લોકોના મોત થયા હતા. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, છ ચીની નાગરિકો અને બે વિયેતનામના નાગરિકોના આગમાં મોત થયા છે.

### ટ્રાફિક પોલીસે રૂ.3 કરોડના મેમો ફાડ્યા

# એકપણ રૂપિયો સરકારી ખાતામાં જમા ન કરાવી મોટી ગેમ રમી

### વાહન ચાલકો પાસેથી સંપૂર્ણ રકમ વસૂલ્યા પછી મેમોના ખોટા ડોક્યુમેન્ટ્સ દ્વારા રકમ જપ્ત કરી લેવામાં આવી છે

। પલવલ, તા.૪ ।

ટ્રાફિક મેમોમાં મોટાપાયે કૌભાંડના આરોપી હેડ કોન્સટેબલના રિમાન્ડ દરમિયાન ૬૧ લાખ રૂપિયા જપ્ત કરાયા છે. આરોપીને પછી બીજીવાર ૪ દિવસના પોલીસ રિમાન્ડ પર લઈ જવાયો હતો. આ દરમિયાન તેની પાસેથી ઘણી રકમ જપ્ત કરાઈ હતી. ડીએસપી વિજય પાલે જણાવ્યું કે આ રકમ આરોપીના ઘરેથી જપ્ત કરવામાં આવી છે.

આરોપીએ ૩ કરોડ ૨૩ લાખ ૯ હજાર ૮૫૦ રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. પોલીસ હવે ૨ કરોડ ૬૨ લાખ ૯ હજાર રૂપિયા પણ જપ્ત કર્યા છે. એટલું જ નહીં આ દરમિયાન તેણે ઈ-ચલણમાં પણ કૌભાંડ કરી મોટી રકમ જપ્ત કરી લીધી છે. જોકે આરોપી હેડ કોન્સ્ટેબલે રિમાન્ડ દરમિયાન આખા કૌભાંડની વિગતો જણાવી દીધી હતી. તેણે જણાવ્યું કે આ મેમો બ્રાન્ચ હેડ તરીકે કામ કરી રહેલા હેડ કોન્સ્ટેબલ ઘણા સમયથી કાર્યરત હતો. આ દરમિયાન તેણે ચલણની



રકમ બેંક ખાતામાં જમા કરાવી ન હતી અને તે પોતાના અંગત કામ માટે લેતો હતો. તેવામાં બેંકમાં રૂપિયા જમા ન થયાની તપાસ ડીએસપી સંદીપ મોરને સોંપવામાં આવી હતી. લગભગ બે મહિના સુધી ચાલેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે ચલણ વિન્ડો પર તૈનાત પોલીસકર્મીઓએ ઈ-ચલણની રકમની ઉચાપત કરી હતી. આરોપીઓએ નકલી બેંક સ્ટેટમેન્ટ અને સ્ટેમ્પનો ઉપયોગ કરીને ૩ કરોડ ૨૨ લાખ ૯૭ હજાર ૧૫૦ રૂપિયાની ઉચાપત કરી હતી. આ ઉપરાંત જૂન ૨૦૨૦માં વિવિધ પોસ્ટ સ્ટેશનોમાં ઈ-ચલણ મશીન દ્વારા ફાડવામાં આવેલા મેમોની રકમના ખાતામાં બે લાખ ૭૮ હજાર ૪૦૦ રૂપિયા પણ જમા થયા ન હતા. ઓગસ્ટ ૨૦૨૧માં ઈઉંઝ ઓમ્બીરે ૧૨ હજાર ૭૦૦ રૂપિયાની ઉચાપત કરી હતી. ડીએસપીએ જણાવ્યું કે મુખ્ય આરોપી હેડ કોન્સ્ટેબલ જનકની ૨૮ જૂને ધરપકડ કરવામાં આવી હતી અને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો. રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસેથી આ ઘટનામાં વપરાયેલા મોબાઈલ અને ઉચાપત કરેલી રકમમાંથી રૂ.૬૧ લાખ મળી આવ્યા છે. બાકી રકમની વસૂલાત માટે બીજી વખત તેને ૪ દિવસના પોલીસ રિમાન્ડ પર લેવામાં આવ્યો છે. બીજા આરોપી ઓમ્બિરની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. બીજી તરફ આરોપીઓએ આ રકમ જુગારમાં વેડફી નાખી હોવાનું સૂત્રોનું કહેવું છે. જુગારમાં હારી ગયેલા પૈસાની વસૂલાત માટે પોલીસ જુગારીઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે. પોલીસે જુગારીઓ પાસેથી અન્ય રકમની રિકવરી માટે આરોપીને બીજી વખત રિમાન્ડ પર લીધો છે.

### અન્ય દેશોમાં પણ ભારતની એજન્સીઓ અલર્ટ

# કેનેડામાં બે ભારતીય રાજનયિકો ખાલિસ્તાનના નિશાનઓ પર છે

### જયશંકર આ મુદ્દે પહેલાં પણ ભારતનો પક્ષ સ્પષ્ટ કરી ચૂક્યા છે, ત્યારે હવે સરકાર પણ આ મામલે આગળના પગલાં લઈ શકે છે

। નવી દિલ્હી, તા.૪ ।

કેનેડામાં ખાલિસ્તાની પોસ્ટર પર બે ભારતીય રાજનયિકોના નામ સામે આવ્યા બાદ ભારત હવે અલર્ટ થઈ ચૂક્યું છે. આ ઘટના બાદ કેનેડા સહિત અન્ય દેશોમાં પણ ભારતીય રાજનયિકોની સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. કેનેડામાં ભારતીય હાઈ કમિશનર સંજય વર્મા અને કોન્સ્યુલેટ જનરલ અપૂર્વ શ્રીવાસ્તવની તસવીરો અને નામ પ્રદર્શિત કરતા પોસ્ટર જોવા મળ્યા છે. આ પોસ્ટરમાં રાજનયિકોને ખાલિસ્તાન ટાઈગર ફોર્સના પ્રમુખ હરદીપ સિંહ નિજ્જરના હત્યારા તરીકે દર્શાવવામાં છે. નિજ્જરની કેટલાંક અઠવાડિયા પહેલાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. આ દરમિયાન રવિવારની મોડી રાત્રે ખાલિસ્તાન સમર્થકો દ્વારા ભારતીય કાઉંસલેટપર હુમલો પણ કરવામાં આવ્યો હતો. આ પોસ્ટર ૮ જુલાઈના રોજ ટોરંટોમાં ખાલિસ્તાની તત્વો દ્વારા પ્રસ્તાવિત એક રેલી વિશે છે. આનું સમાપન ભારતીય ઉચ્ચાયોગ પર થશે.




પોસ્ટરને કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનના પૂર્વ સંવાદદાતા ટેરી મિલ્વસ્કીએ ટ્વિટ કર્યું છે. આ વિશે વિદેશ મંત્રી જયશંકરે સોમવારે કહ્યું કે, કેનેડામાં ખાલિસ્તાની તત્વોના પોસ્ટર પર ભારતીય રાજનયિકોના નામ સામે આવ્યા બાદ આ મુદ્દો કેનેડા અને અન્ય દેશોની સરકાર સાથે પણ ઉઠાવવામાં આવશે. કારણ કે આનાથી બંને દેશોના સંબંધ પર અસર પડી શકે છે. જયશંકરે એવું પણ કહ્યું કે, મારું માનવું છે કે, કેનેડા સરકાર સામે આ મુદ્દો ભૂતકાળમાં પણ ઉઠાવવામાં આવ્યો છે. જયશંકરે ગયા મહિને કહ્યું હતું કે, કેનેડા દ્વારા ખાલિસ્તાની તત્વોને જગ્યા આપવી વોટબેંકની રાજનીતિથી પ્રેરિત હોય એવું લાગી રહ્યું છે. ગયા અઠવાડિયે પણ કેનેડાને આ મુદ્દે ટિપ્પણી કરવા માટે કહેવામાં આવ્યું હતું, તો તેઓએ કહ્યું હતું કે, કેનેડા ખાલિસ્તાની મુદ્દે જે રીતે નિપટી રહી છે એ અમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય રહ્યો છે, કારણ કે આ સ્પષ્ટ રીતે વોટબેંકની રાજનીતિથી પ્રેરિત હોય એવું લાગી રહ્યું છે. વિદેશ મંત્રી જયશંકરે એવું પણ કહ્યું કે, અમે કેનેડા, અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા અમારા ભાગીદાર દેશોને વિનંતી કરી છે કે, જ્યાં જ્યાં ખાલિસ્તાની ગતિવિધિઓ થાય છે, ત્યાં ત્યાં ખાલિસ્તાનીઓને જગ્યા આપવામાં ન આવે. કારણ કે, તેમની કટ્ટરપંથી, ઉગ્રવાદી વિચારણસરણી ન તો આપણા માટે સારી છે ન તો તેમના માટે અને આપણા સંબંધો માટે પણ સારી નથી. મહત્વનું છે કે, ગયા માર્ચમાં સેન ફ્રાંસિસ્કો અને ઓટોવામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર હુમલાના સંદર્ભમાં એનઆઈએ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં અમરજોત સિંહ અને બાબા સરવન સિંહનું નામ સામેલ હતું.



ઓડિશાના કાલિંગાનાગરમાં ૧ મિલિયન ટન ક્ષમતા ધરાવતા ટાટા સ્ટીલના નિનલ પ્લાન્ટનો ડ્રોન દ્વારા લેવાયો દ્રશ્ય.

### મુંબઈ-આગ્રા હાઈવે પર પલાસનેર ગામ પાસે એક ભયકંર માર્ગ અકસ્માત

# ધૂલે નજીક કન્ટેનર બે વાહનોને ટક્કર મારી હોટલમાં ઘૂસી ગઈ, ૧૫નાં મોત

। મુંબઈ, તા.૪ ।

મહારાષ્ટ્રના ધુલેમાં મુંબઈ-આગ્રા હાઈવે પર પલાસનેર ગામ પાસે એક ભયકંર માર્ગ અકસ્માતની ઘટના બની છે જેમા ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે ૨૮ લોકો ઘાયલ થયાના અહેવાલ છે.

મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં એક કન્ટેનર ટ્રકે પહેલા બે વાહનોને ટક્કર મારી અને બાદમાં એક હોટલમાં ઘુસી જતા ભયકંર અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને ૨૮ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટના ધુલે જિલ્લામાં મુંબઈ-આગ્રા હાઈવે પર મુંબઈથી ૩૦૦ કિલોમીટર દૂર પલાસનર ગામ પાસે બની હતી. મુંબઈ-આગ્રા હાઈવે પર પલાસનેર પાસે ટ્રકની બ્રેક ફેઈલ થતાં ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો. ટ્રકે પહેલા બે વાહનોને જોરદાર ટક્કર મારી અને બાદમાં બસ સ્ટોપ પાસેની હોટલમાં ઘુસી ગઈ હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં બસની રાહ જોઈ રહેલા કેટલાક મુસાફરોનો પણ સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને શિરપુર અને ધુલેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી છે. અકસ્માત એટલો ભયકંર હતો કે મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ અકસ્માતના સ્થળે આસપાસના ગામના લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

### મહારાષ્ટ્રમાં રવિવારથી રાજકીય ડ્રામા ચાલી રહ્યો છે

# પરવાનગી વીના પોતાની તસવીર છાપવા સામે અજિતને શરદ પવારની ચેતવણી

### ભારે હોબાળા વચ્ચે એનસીપી નેતા અજિત પવારે દક્ષિણ મુંબઈમાં આવેલી નવી ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યું

। મુંબઈ, તા.૪ ।

મહારાષ્ટ્રમાં રવિવારથી રાજકીય ડ્રામા ચાલી રહ્યો છે. રવિવારે એનસીપીપ્રમુખ શરદ પવારના ભત્રીજા અજિત પવાર અને ૧૮ ધારાસભ્યોએ શિંદે સરકારને સમર્થન આપ્યું હતું. અજિત પવાર ડેપ્યુટી સીએમ બન્યા અને તેમની સાથે ૮ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા. ત્યારથી એનસીપીપર કબજો મેળવવાની લડાઈ ચાલી રહી છે. મીડિયા સાથે વાત કરતા ડેપ્યુટી સીએમ અજિત પવારે કહ્યું હતું કે અમારા નેતા શરદ પવાર છે. આ પછી શરદ પવારે પ્રતિક્રિયા આપતા કહ્યું કે હવે અમારી સાથે કોઈ સંબંધ નથી અને મારી પરવાનગી વિના મારી તસવીરનો ઉપયોગ ન કરવાની ચેતવણી પણ આપી છે.

ભારે હોબાળા વચ્ચે એનસીપીનેતા અજિત પવારે દક્ષિણ મુંબઈમાં આવેલી નવી ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન છગન ભુજબળ પણ તેમની સાથે પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે, એનસીપીમાં બળવા પછી અજિત પવાર રવિવારે મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારમાં સામેલ થયા હતા. શિંદે જૂથમાં જોડાયા બાદ અજિત પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા અને એનસીપીના અન્ય ૮ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. અજિત પવારની આ નવી ઓફિસ મહારાષ્ટ્ર સરકારના મુખ્યાલયની નજીક સ્થિત હશે. તેને રાષ્ટ્રવાદી ભવન નામ આપવામાં આવ્યું છે. હાલમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું કાર્યાલય મુંબઈના બલાડ એસ્ટેટમાં આવેલું છે.

### ઉત્તર કોરિયામાં પ્રતિ ૧૦૦૦ લોકોએ માત્ર ૧ ગાડી છે

। નવી દિલ્હી, તા.૪ ।

શું તમે જાણો છો કે દુનિયાના કોઈ દેશના લોકો પાસે સૌથી વધુ ગાડીઓ છે? અમેરિકા, જાપાન અને ચીન આ લિસ્ટમાં ઘણા નીચે છે. આ લિસ્ટમાં પહેલું નામ જિબ્રાલ્ટરનું છે. જિબ્રાલ્ટર સ્પેનના દક્ષિણે આવેલી બ્રિટિશ કોલોની છે. તેના પર ૧૭૧૩થી બ્રિટનનો કબજો છે. માત્ર ૬.૮ સ્ક્વેર કિમીમાં ફેલાયેલા પ્રદેશની વસ્તી માત્ર ૩૨,૬૬૯ છે. વર્લ્ડ ઓફ સ્ટેટેસ્ટિક્સ મુજબ, જિબ્રાલ્ટરમાં પ્રતિ ૧,૦૦૦ લોકો પર ૧,૪૪૪ ગાડીઓ છે. તેમાં કાર, વાન, બસ, ફ્રેટ અને બીજા પ્રકારની ટ્રક સામેલ છે, પરંતુ ટુ-વ્હીલર તેમાં સામેલ નથી કરાયા. આ લિસ્ટમાં બીજા નંબરે સેન મરીનોનું નામ છે. જ્યાં દર ૧,૦૦૦ લોકોએ ૧,૩૦૦ ગાડીઓ છે. યુરોપીયન દેશ લિક્ટેન્સ્ટાઈનમાં પ્રતિ ૧,૦૦૦ વ્યક્તિએ ગાડીઓની સંખ્યા ૧,૧૯૩ છે.

### બાલાસોર ટ્રેન દુર્ઘટના માટે જવાબદાર કોણ પર રિપોર્ટ

# સિગ્નલ-ટેલિકોમ્યુનિકેશન વિભાગમાં અનેક સ્તરે ક્ષતિઓથી ટ્રેન અકસ્માત થયો

### પંચે તપાસ રિપોર્ટ રેલવે મંત્રાલયને સોંપી દીધો, સ્થાનિક સિગ્નલિંગ સિસ્ટમમાં વારંવાર આવતી સમસ્યાઓને દૂર કરવામાં આવી હોત તો ૨ જૂનની ઘટનાને અટકાવી શકાઈ હોત

। બાલાસોર, તા.૪ ।

બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ૨૯૦થી વધુ લોકોના મોત માટે જવાબદાર કોણ? તેના પર હાલના એક રીપોર્ટ દ્વારા પ્રકાશ પડે છે. આ અહેવાલમાં, રેલ્વે સુરક્ષા કમિશનએ જણાવ્યું હતું કે, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગમાં અનેક સ્તરે ક્ષતિઓને કારણે ટ્રેન અકસ્માત થયો હતો. આ અંગે પંચે તપાસ રિપોર્ટ રેલવે મંત્રાલયને સોંપી દીધો છે.

રિપોર્ટમાં જણાવ્યું છે કે, બે નબળા રિપેરિંગ કામ કે જે વર્ષ ૨૦૧૮માં અને દુર્ઘટનાના થોડા કલાકો પહેલા થયું હતું તેના કારણે કોરોમંડલ એક્સપ્રેસ અન્ય ટ્રેક પર માલગાડી સાથે અથડાઈ હતી. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આવી જ ઘટના ૧૬ મે ૨૦૨૨ના રોજ ખડગપુર રેલવે ડિવિઝન હેઠળના બંગાળના એક સ્ટેશન પર બની હતી. તે દરમિયાન ખોટા વાયરિંગને કારણે ટ્રેન અલગ રૂટ પર ગઈ હતી.

રિપોર્ટમાં જણાવાયું છે કે, જો સ્થાનિક સિગ્નલિંગ સિસ્ટમમાં વારંવાર આવતી સમસ્યાઓને દૂર કરવામાં આવી હોત તો ૨ જૂનની ઘટનાને અટકાવી શકાઈ હોત. રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું કે, કોરોમંડલ એક્સપ્રેસનો અકસ્માત અગાઉ કરવામાં આવેલા સિગ્નલિંગ સર્કિટમાં ખામીને કારણે થયો હતો. ખાસ વાત એ છે કે, રિપોર્ટમાં નોંધાયેલી માહિતી સીબીઆઈ તપાસમાં સામેલ કરવામાં આવશે. જો કે, એક હકીકત એ પણ છે કે રેલ્વે મંત્રાલય આ અહેવાલને સ્વીકારી અથવા નકારી પણ શકે છે.

## તંત્રી લેખ...

# ભારતને લાંબા ગાળા સુધી ટકી શકે તેવા વિકાસની જરૂર

આ બાબત ભલે કડવી લાગે પરંતુ વાસ્તવિકતા એ છે કે વિકાસ અને ભ્રષ્ટાચારની વચ્ચે હવે નજીકના સંબંધ બની ગયા છે. જેના કારણે તમામ બાબતોમાં તકલીફો આવી રહી છે. બંને એક બીજા સાથે જોડાઈ ગયા છે જે બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. જ્યારે પણ ભ્રષ્ટાચાર પર અંકુ મુકવા માટેની વાત થાય છે વિકાસ રોકાવવાની શરૂઆત થઈ જાય છે. સમય સમય પર સરકારોએ ભ્રષ્ટાચાર વિરોધી કાયદાની અવગણના કરીને વિકાસની ગાડીને આગળ વધારીને પોતાની અંગત ઈચ્છા પૂર્ણ કરવાના પ્રયાસ કર્યા છે. મોડેથી કાયદાના સકંજામાં આવીને કેટલાક નેતા અને અધિકારીઓ જેલ ભેગા પણ થયા છે. હવે કેન્દ્ર સરકાર વિકાસના માર્ગ આડેના દરેક પથ્થરને સ્થાયી રીતે દુર કરવાના પ્રયાસમાં લાગેલી છે. નિર્ણય લેનાર વ્યક્તિઓને ભયમુક્ત રાખવામાં આવે તે જરૂરી છે તે બાબત તરફ કેન્દ્ર સરકાર ઈશારો કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે ત્રણ દશક જુના ભ્રષ્ટાચાર વિરોધી કાયદામાં ફેરફાર કરવામાં આવે જેથી સમયની સાથે સાથે બદલાઈ ગયેલી સ્થિતીમાં સરકારની કામગીરી આડે અડચણો પણ ન આવે. સરકારના નિવેદન આ બાબતના સંકેત તરીકે સમજી શકાય છે કે વિકાસના નામ પર ભ્રષ્ટાચારની જડો મજબુત થવા માંગે છે. આમાં કોઈ શંકા નથી કે વર્તમાન કાયદામાં દેશમાં ભ્રષ્ટાચારને રોકવામાં વધારે નક્કર જોગવાઈ નથી. વર્તમાન કાયદા ભ્રષ્ટાચારને રોકવામાં નિષ્ફળ પણ રહ્યા છે. જેથી તેમાં નવા નવા નક્કર સુધારા કરવામાં આવે તે જરૂરી છે. કાયદામાં એવા સુધારા કરવાની જરૂર છે જેના કારણે નિર્ણય લેનાર વ્યક્તિને પણ કાયદાનો ભય રહે. સાથે સો પારદર્શક રીતે આગળ વધે તેવી જોગવાઈ કરવામાં આવે તે સમયની માંગ છે. પારદર્શકતાની સાથે સમગ્રતામાં વિચાર કરીને નિર્ણય કરવામાં આવી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. અમને ચાલુ અને તરત વિકાસની જરૂર નથી. ભારતને કામચલાઉ વિકાસની પણ જરૂર નથી. ભારતને લાંબા ગાળા સુધી ટકી શકે તેવા વિકાસની જરૂર છે. સંસદમાં ખુબ લાંબી વિચારણા બાદ જ કાયદા બનાવવામાં આવે છે. જો કારોબારની સુવિધા આપવાના હેતુથી સામાન્ય રીતે કાયદાનુ પાલન કરવામાં આવતુ નથી. જયપુરના માસ્ટર પ્લાનને પણ દાખલા તરીકે ગણી શકાય છે. સરકાર વિકાસના નામ પર તેની અવગણના કરી રહી છે. જ્યારે આ પ્લાન ખુબ વિચારીને શહેરના વિકાસ માટે અને સુવિધા માટે તૈયાર કરવામાં આવ્યા હતા. વાસ્તવિકતા એ છે કે ઉદારીકરણ બાદ મોટા ભાગના કામો હવે બિન સરકારી હાથમાં પહોંચી રહ્યા છે. આવી સ્થિતીમાં જાહેર સંશાધનોના દુરુપયોગની સંભાવના તો પહેલાથી જ વધી જાય છે. સરકારનુ કામ માત્ર વેપારી સુવિધા આપવાનુ રહ્યુ નથી બલ્કે સરકારી સંશાધનોના દુરુપયોગને રોકવા માટેનુ પણ રહેલુ છે. જેને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.

# લડતાં ઘેટા અને લાલચુ શિયાળની બોધકથામાંથી ચાર શીખ ગ્રહણ કરી જીવન સુધારીએ !




## સદગુરુ વચનામૃત

સંકલન : ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઈશ્વરે બનાવેલી આ દુનિયામાં જાત જાતનાં લોકો વસે છે, અને લગભગ દરેકને એમ છે કે પોતે કંઈક છે, અથવા તો પોતે શ્રેષ્ઠ છે. દુનિયાએ તેની વાત માનવી જોઈએ! તો કેટલાક એવા પણ છે જે પ્રકૃતિએ આળસુ છે, અને સમાજમાં જે લોકોની વિચારધારાનું મહત્વ વધારે હોય, એ સમૂહ સાથે એ જોડાઈ જાય પોતાની કોઈ અલગ આઈડેન્ટિટી એને જરૂર ના પડે. એ બસ કોઈ કહે હાં, તો હાં! અને કોઈ કહે ના તો ના! એમ જીવે રાખે, લાંબુ કંઈ વિચારે નહીં, કે આમાં અંતે તો મારું જ નુકસાન છે. જીવનની હરક્ષણ કોઈને કોઈ બોધ પાઠ શીખવવા માટે જ આપણી સામેથી પસાર થતી હોય છે. એટલે કે આપણી આસપાસ અને આપણા જીવનમાં ઘટતી ઘટનાઓથી જ આપણે કંઈક શીખ લઈએ, તો પછી વારેવારે તકલીફ કે સમસ્યાનો સામનો કરવો ન પડે.

હમણાં જ ગુરુપૂર્ણિમા ગઈ અને લોકોએ પોતાના જીવનના ઉદ્ધારક એવા સદગુરુની વંદના કરી. જીવનમાં સદગુરુ માર્ગદર્શક બનીને એ શું કરતા હોય છે? કે આપણું જીવન સમુગળુ બદલાઈ જાય? એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો એનો જવાબ માત્ર એક લીટીમાં એટલું જ આવે કે સમય સંજોગો જે આપણને શીખ કે બોધ આપ વા માંગતા હોય, એ આપણે ગ્રહણ કરી શકીએ, અને એમાંથી તત્વ બોધને તારવી અને આગળનું જીવન સ્વસ્થતાપૂર્વક જીવી શકીએ, એવી ક્ષમતા આપણામાં ઉભી કરે. અથવા તો સમસ્યા સમયે અન્ય કોઈના દોરાવાથી આપણે દોરાઈએ નહીં, આપણી સ્થિર અને નિર્ણયાત્મક બુદ્ધિથી આપણે નિર્ણય કરી શકીએ, કે સાચું શું છે? અને ખોટું શું છે? સારું શું છે? અને ખરાબ શું છે? ઘણીવાર એવું થતું હોય કે, આપણે સમય એવો હતો! સંજોગો એવા હતાં! સંબંધમાં દ્રોહ થયો! એટલે કે વિશ્વાસઘાત થયો! સત્ય સમજાયું નહીં! એવા બધા કારણોથી



આ બોધ ગ્રહણ કરવાનું ચૂકી જતા હોઈએ છીએ, અને જે આપણાં જીવનની ભૂલ કરતાં સૌથી મોટી સમસ્યા છે, એમ કહેવું વધુ યોગ્ય રહેશે. કારણ કે સમગ્ર ઘટનાઓની હારમાળા આપણી નજર સામે જ ઘટતી રહે છે, અને આપણે ઘણીવાર ના ના આ તો મારા લાભ માટે છે, અથવા તો મારા ફાયદા માટે છે, એવું વિચારીને તમાશો જોતા હોઈએ છીએ. અથવા તો સ્વાર્થ પૂર્વક એ ઘટના ઘટ્યા પછી, આપણે તો માલામાલ થઈ જશું! એમ ચૂપ રહેતા હોઈએ છીએ. આજે આપણે પણ એવી એક બોધ કથાનો સહારો ચિંતનમાં લેવાનાં છીએ.

આજે આપણે પંચતંત્રની વાર્તાઓમાંથી એક નાનકડી બોધ કથા કે જે વિષ્ણુ શર્મા નામના પંડિતે રાજાના ત્રણ પુત્રોને સંભળાવી હતી, એ વિશે વાત કરીશું. સર્વ પ્રથમ તો દક્ષિણના અમરશક્તિ નામના રાજાને ત્રણ પુત્રો હતાં જે દેખાવે રૂપાળા, અને બુદ્ધિથી તે મૂર્ખ હતાં. માટે રાજા કોને રાજા બનાવે એ વિશે મૂંઝાયેલો હતો અને તેણે પોતાના આ ત્રણેય પુત્રોને બુદ્ધિશાળી બનાવવા માટે વિષ્ણુ શર્મા નામના પંડિતને પોતાના રાજ દરબારમાં બોલાવ્યા હતા, અને એણે આ ત્રણે રાજકુમાર ને સંબોધીને જે જે બોધ વાર્તાઓ કહી તેને આપણે પંચતંત્રની કથાઓ તરીકે ઓળખીએ છીએ.

**લડતા ઘેટા અને લાલચુ શિયાળ**

એક જંગલમાં એક શિયાળ ખોરાકની તલાશમાં આમતેમ ભટકી રહ્યું હતું, ત્યાં એની નજર બે લડતાં ઘેટા પર પડી. જે બંને જણાં એકબીજા સાથે માથાં ભટકાડીને પ્રચંડવેગથી લડી રહ્યા હતાં. શિયાળને થયું કે હમણાં લડતાં લડતાં આ બંને મરી જશે, અને મને તેનું તાજુ તાજુ માસ ખાવા મળશે. એટલે શિયાળ ત્યાં આગળ ઊભું રહી ગયું, કે મારે તો કંઈ કરવાની જરૂર જ નથી. બંને ઘેટાંઓ લડતાં હતાં અને માથા પછાડતાં હતાં, એટલે બહુ સ્વાભાવિક રીતે જ તેમનાં માથામાં ઈજા પહોંચી હતી, અને તેમાંથી લોહી નીકળતું હતું. શિયાળ એ લોહી ચાટતું હતું, અને ક્યારે આ લોકો લડી લડીને મરી જાય! અને તે એનો ખોરાક મેળવે. ઝાડ ઉપર બેઠેલો કાગડો શિયાળને કહેતો હતો કે, તમે અહીંથી આઘા ચાલ્યા જાઓ, નહીં તો હમણાં તમારો મરો છે. પરંતુ શિયાળે એની વાત સાંભળી નહીં, અને કહ્યું કે અડધી કલાક પછી તું જોજે શું થાય છે! અને શિયાળ ધીરેધીરે કરતા ઘેટાની એકદમ નજીક પહોંચી ગયું. સમજો બિલકુલ બંનેની વચ્ચે, અને બંને ઘેટાંઓ નીચે મુંડી કરીને, એકબીજા સાથે યુદ્ધ કરી રહ્યાં હતાં. સાચે જ એ કાગડાની ભવિષ્યવાણી સાચી પડી, અને આ વખતે શિયાળ બંને ઘેટાની વચ્ચે આવીને છુંદાઈ ગયું. એટલે કે બંનેના માથાં પ્રચંડ વેગથી તેની સાથે ભટકાયા, અને તેનો છુંદો થઈ ગયો. પંચતંત્રની વાતમાં લખ્યું નથી, કે ઘેટાનું શું થયું? પણ અંતે એ લોકો પણ બંને જણાં લડતાં લડતાં મરી જ ગયા હશે, અને શિયાળનાં મરવા સાથે જ કાગડાએ, પોતાના ભાઈબંધોને કા કા કરીને, બોલાવી લીધાં, અને એમણે શિયાળના દેહની ઉજાણી કરી!

આ નાનકડી બોધ કથા આપણને ચાર પ્રકારની શીખ આપે છે, સર્વ પ્રથમ તો કે બે વ્યક્તિની લડાઈ ચાલતી હોય, ત્યારે ત્યાં ઊભા રહીને પોતાના લાભ માટે તમાશો જોવો નહીં. બીજું કોઈ આપણને આ સમયે ચેતવે તો એમાં પોતાનું હિત છે, એમ સમજી લેવું! પુરુષાર્થ કર્યા વગર લાલચની અપેક્ષા રાખવાથી ક્યારેય ભલું થતું નથી. એટલે કે મેળવવા કરતા ક્યારેક ગુમાવવું પણ પડે! અને સૌથી છેલ્લી અને મહત્વની શીખ, ઘેટાંને કોઈપણ પ્રકારની બુદ્ધિ હોતી નથી, માટે આવા બુદ્ધિ વગરની બહેસ કે લડાઈમાં પડ્યા વગર આપણે આપણું કામ કરવું! એને મહત્વ દેવું નહીં, અને જેમાં કોઈ તથ્ય જ ન્હોય! ત્યાં આગળ ખોટો સમય કે શક્તિનો વ્યય કરવો નહીં!

સાંપ્રત સમયના સમાજમાં દરેક ક્ષેત્રમાં આવું ચાલી રહ્યું છે, પરંતુ ધર્મ ક્ષેત્રમાં જ્યારે આવા કોઈ અજ્ઞાનના મુદ્દા પર બે સંપ્રદાયો બાખડી રહ્યા હોય ત્યારે, શાણા માણસે ત્યાંથી દૂર રહેવું. અથવા તો બે બુદ્ધિ વગરના ઘેટા બાખડી રહ્યાં છે, એમાં કોઈ તથ્ય નથી એમ સમજી આપણા ધર્મની મૂળ પરંપરાને અનુસરવું. છતાં જો ભૂલથી એવા વિવાદમાં ફસાઈ ગયાં હોઈએ, ત્યારે કોઈ કાગ વાણી એટલે કે ભવિષ્યવાણી કરે તો એની વાત માની અને ત્યાંથી નીકળી જવું. એ રસ્તો સાચા ધર્મનો નથી, સાચો ધર્મ ક્યારેય લડાઈ શીખવે નહીં. હું સાચું શીખવે નહીં. હું શ્રેષ્ઠ છું? બધાંએ અમારાં જ ધર્મ ને મહત્વ દેવું! અથવા અનુસરવું, એવું કહે નહીં! એ વાત ખાસ યાદ રાખવી. બાકી તો જીવન વ્યવહારમાં આવી ઘેટાઓની લડાઈ વારંવાર જોવા મળવાની જ છે, તો એમાં આપણે પડવું નહીં. બીજું આપણે પણ જ્યારે અન્ય સાથે કોઈ મુદ્દે વિચાર વિવાદ કરતાં હોઈએ, ત્યારે એ પણ ચકાસી લેવાનું. ક્યા વિચાર વિવાદમાં કોઈ તથ્ય જ છે ખરું? કે આપણે પણ પેલા ઘેટાઓની જેમ જ શરૂ થઈ ગયા છીએ. તો આપણે સૌ આપણી આસપાસ ઘટતી ઘટનાઓમાંથી, સાચો અને જીવન સુધારી શકે એવો બોધ પ્રાપ્ત કરી, અને આવાં સમાજના દુશ્મન જેવા ઘેટાની લડાઈઓમાં અટવાયા વગર આપણી જાતને બચાવીને જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન આવી જાય સીયારામ.

### મોનસુનની સિઝનમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે જેથી લીચી, અનાર, જાબુ અને ચેરીનો વધારે ઉપયોગ કરવાની નિષ્ણાંતોની સલાહ

# મોનસુન : ડાઇટમાં ચોક્કસ ફળ જરૂરી

મોનસુનની સિઝન જામી રહી છે. આવી સ્થિતીમાં જુદા જુદા પ્રકારના ઈન્ફેક્શન ફેલાય છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસોમાં વધારો થાય છે. જેના લીધે શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારે પ્રમાણમાં રહે તે જરૂરી છે. મોનસુનની સિઝન તીવ્ર ગરમીથી ચોક્કસપણે રાહત આપે છે. પરંતુ કેટલીક બિમારી પણ મોનસુનમાં ફેલાય છે. બદલાતી સિઝનમાં સૌથી વધારે વાયરલ તાવ, શરદી ગરમી અને ફ્લુની તકલીફ જોવા મળે છે. બાળકો અને મોટી વયના લોકો સૌથી પહેલા શિકાર થાય છે. કારણ કે તેમની રોગપ્રતિકારક ક્ષમતા સૌથી ઓછી હોય છે. પરંતુ જો ખાવા પીવાની બાબતમાં ધ્યાન રાખવામાં આવે તો તમામ પ્રકારની તકલીફોથી બચી શકાય છે. આ સિઝનમાં આવનાર કેટલીક સિઝનલ ફળફળાદીને ધ્યાનમાં લેવામાં આવે તો ફાયદો થાય છે. આ ફળફળાદીનો ઉપયોગ કરીને બિમારીથી બચી શકાય છે. મોનસુનની સિઝનમાં જાબું, લીચી, અનાર અને ચેરી જેવી ચીજોનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરી શકાય છે. જાંબુની વાત કરવામાં આવે તો તેમાં અનેક પોષક તત્વો રહેલા છે. પાચનતંત્રને મજબુત કરવામાં તેની ભૂમિકા હોય છે. જાંબુ ખાવાથી પેટ સાથે જોડાયેલી કેટલીક બિમારી દુર થાય છે. જેથી મોનસુનની સિઝનમાં તેને સૌથી સારા ફળ તરીકે ગણવામાં આવે છે. તે ડાયાબિટીસમાં રાહત આપવાની સાથે સાથે કેન્સરથી રક્ષણ મેળવી લેવામાં પણ મદદરૂપ હોય છે. સાથે સાથે પથરીની રોકથામમાં પણ જાબુંની ભૂમિકા રહેલી રહેલી છે. તેના બીયાને બારીક પીસીને પાણી અથવા તો દહીની સાથે લેવાથી સીધો ફાયદો થાય છે. ચેરી પણ મોનસુનની સિઝનમાં ઉપયોગી સાબિત થાય છે. ચેરીની છોળમા પણ કેટલાક તત્વો રહેલા છે. જેમાં પોલીફિનોલિક પ્લેવોનાયડ જેવા એન્ટી ઓક્સીડેન્ટ તત્વો હોય છે. તેમાં કાર્બોહાઈડ્રેટ , વિટામિન-એ, બી, અને સીનુ પ્રમાણ હોય છે. સાથે સાથે બીટા કેરોટીન, કેલ્શિયમ, લોહ , પોટેશિયમ , ફોસ્ફોરસનુ પ્રમાણ પણ પુરતા પ્રમાણમાં હોય છે. જે અમારા શરીર માટે ખુબ ઉપયોગી સાબિત થાય છે. લીચીની વાત કરવામાં આવે તો તેમા





કાર્બોહાઈડ્રેટ, વિટામિન-સી, વિટામિન-અને બી કોમ્પ્લેક્સ ભરપુર પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત તેમાં પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ અને આયરન જેવા તત્વો હોય છે. જે મોનસુનમાં થનારી બિમારીમાં અસર કરે છે. ફાયદો પહોંચાડે છે. અનાર પણ મોનસુનની સિઝનમાં ઉપયોગી થાય છે. તેમાં ફાઈબર, વિટામિન-સી અને કે હોય છે. તેમાં રહેલા એન્ટી ઓક્સિડેન્ટસ રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દે છે. તે ધમનીને સખ્ત થતા રોકે છે. સાથે સાથે ચહેરાની ચમકને વધારી દે છે. દરરોજ એક ગ્લાસ અનાર જ્યુસ પીવાની સ્થિતીમાં જોડની તકલીફને પણ દુર કરે છે. જાણકા નિષ્ણાંતો કહે છે કે મોનસુનના પ્રથમ વરસાદમાં પલડવાનું તમામ લોકોને ખૂબ પસંદ છે પરંતુ આ સિઝનમાં ખાસ પ્રકારની સાવચેતી રાખવાની જરૂર પડે છે. કારણ કે આ સિઝનમાં ઈમ્યુનિટી પાવર અથવા તો રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. રોગપ્રતિકારક શક્તિ ઘટી જવાના કારણે ઘણી બીમારી ઘેરી લે છે. વરસાદની સિઝનમાં બિમારીઓ પણ ફેલાઈ જાય છે. શરીરમાં સરળતાથી બિમારીઓ લાગુ પડવાથી તકલીફોનો સામનો કરવો પડે છે. મોનસુન સિઝનમાં બિમારીઓથી બચવા માટે ઘણા પ્રયાસો જરૂરી બની જાય છે. ઈમ્યુનિટી પાવરને વધારવા માટે સાવચેતીના તમામ પગલાં લેવાની સલાહ તબીબો આપે છે. મોનસુન દરમિયાન મલેરિયા, કોલેરા, ટાઈફોઈડ જેવી બિમારી ફેલાઈ જાય છે. આ ઉપરાંત શરદી, ખાસી અને વાયરલ ઈન્ફેક્શના હુમલાઓ પણ તીવ્ર બની જાય છે. આવી સ્થિતિમાં સાવચેતીના પગલાં લેવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. વરસાદની સિઝનમાં પ્રદૂષિત પાણીમાં પલડવાથી પગમાં ઈન્ફેક્શન પણ થઈ જાય છે. ડાયાબિટીસવાળા દર્દીઓને આ સિઝનમાં વધારે ધ્યાન રાખવાની જરૂર પડે છે. ડાયાબિટીસના દર્દીઓને પગ પાણીમાં પલડવા દેવા જોઈએ નહીં. ઈમ્યુનિટી પાવર વધારનાર કેટલાક ઉપાય પણ છે જેનાથી શરીરને વધારે મજબૂત અને સ્વસ્થ રાખી શકાય છે. ચોખ્ખા અને ઘંઉથી બનેલી હળવી ચીજવસ્તુઓ ખાવામાં ઉપયોગમાં લેવી જોઈએ.

### જંક ફુડના કારણે શરીરમાં ફેટ વધે છે અને ઝેરી તત્વોનુ પ્રમાણ સતત વધે છે જે અનેક બિમારીને સીધી રીતે આમંત્રણ આપી દે છે

# ડિટોક્સ ડ્રિન્ક્સ આદર્શ પુરવાર થાય છે

હાલના દિવસોમાં લોકોમાં જંક ફુડને લઈને લોકોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. જેના કારણે શરીરમાં ફેટ ઉપરાંત ઝેરી તત્વોનુ પ્રમાણ સતત વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં આ પ્રકારના તત્વો શરીરની બહાર નિકળે તે જરૂરી છે. ઝેરી તત્વો શરીરની બહાર નિકળી જવાની સ્થિતીમાં બોડી વધારે સારી રીતે કામ કરે છે. બોડીને ડિટોક્સ એટલે કે ઝેરી તત્વોને બહાર કાઢવા માટે ડિટોક્સ ડાઈટને ફોલો કરવાની જરૂર હોય છે. આના કારણે વધારે ફિટ અને સ્લીમ રહી શકાય છે. ઝેરી તત્વોને બહાર કાઢીને શરીરને મજબુત અને સ્વસ્થ રાખવામાં ડિટોક્સ ડ્રિન્કસની ચાવીરૂપ ભૂમિકા હોય છે. કેટલાક પ્રકારના ફળ અને શાકભાજીને મળીને અલગ અલગ પ્રકારના ડિટોક્સ વોટર તૈયાર કરવામાં આવે છે. ડિટોક્સ ડ્રિન્ક તૈયાર કરવામાટે તમે પોતાની પસંદના કોઈ પણ ફળની પસંદગી કરી શકો છો. આ પ્રકારના ડ્રિન્કસ ફેટ ફ્રી હોય છે. તેમાં કેલોરી પણ ખુબ ઓછા પ્રમાણમાં હોય છે. તેમાં ફાઈબર વધારે પ્રમાણમાં હોય છે. જે શરીરને ડિટોક્સ કરવામાં મદદરૂપ બને છે. કેટલાક ખાસ પ્રકારના કોમ્બિનેશનથી ડિટોક્સ વોટર તૈયાર કરવામાં આવે છે. જે કોમ્બિનેશન સાથે ડિટોક્સ વોટર તૈયાર કરવામાં આવે છે તેમાં વોટરમેલનની પસંદગી કરીને તેમાં સ્ટ્રોબેરી, મિન્ટવોટર, લાઈમ વોટર હનીનો સમાવેશ થાય છે. ખીરાની પસંદગી કરવામાં આવે તો તેમાં લાઈમ, મિન્ટ વોટર, સફરજન, દાલ ખાંડ, લાઈમ વોટર કીવી, સ્ટ્રોબેરી અને મિન્ટ વોટરનો સમાવેશ થાય છે. ડિટોક્સ વોટર શરીરને અંદરથી ડિટોક્સિફાઈ કરે છે. એટલે કે શરીરની અંદરથી ઝેરી તત્વોને બહાર કાઢે છે. જેના કારણે શરીર તરોતાજા અને એનર્જીથી ભરપુર રહે છે. આને પીવાથી ડાઈજેસ્ટિવ સિસ્ટમ ક્લીન રહે છે. આના કારણે ગેસ, અપચો અને અન્ય પેટની તકલીફ પણ દુર થાય છે. આના કારણે વજન ઘટાડી દેવામાં પણ મદદ મળે છે. નિયમિત રીતે ડિટોક્સ વોટર પીવાથી ત્વચામાં ચમક આવે છે. સાથે સાથે સ્કીનથી દાગ, જુદા જુદા પ્રકારના કાળા નિશાન પણ દુર થાય છે. સાથે સાથે સ્કીનને લગતી અન્ય તમામ





સમસ્યા દુર કરે છે. તે શરીરની રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો કરે છે. જેથી શરીરની જુદા જુદા રોગ સાથે લડવાની તાકાત વધી જાય છે. ઉપરાંત જુદા જુદા પ્રકારના ઈન્ફેક્શન અને એલર્જીથી પણ બચી શકાય છે. ડિટોક્સ વોટરને ઘરમાં સરળતાથી બનાવી શકાય છે.ડિટોક્સ વોટર બનાવવા માટે સરળ રીત રહેલી છે. જેના ભાગરૂપે જે ફળ અથવા તો શાકભાજીના કોમ્બિનેશનની સાથે બનાવવાની ઈચ્છા છે તેના પાતલા સ્લાઈસ કાપીને બોટલમાં મુકી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ તેના પર પાણી ભરી દેવાની જરૂર હોય છે. આને આ રીતે જ ૬-૭ કલાક સુધી રાખી દેવામાં આવે તે જરૂરી છે. આવુ કરવાથી તેના તમામ પોષક તત્વો નિકળીને પાણીમાં મળી જાય છે. આ પાણીને પીવાથી ડિટોક્સિફિકેશનની સાથે જરૂરી પૌષક તત્વોની પુર્તિ થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક ખૂબ જ રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મહિલાઓ તેમના ડાઈટ અંગે એક વર્ષમાં ૫૦૦ વખત ખોટી વાત કરે છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું કે મહિલાઓ તેમની ખાવાપીવાની ટેવના મામલે હંમેશા અન્ય લોકો સમક્ષ ખોટા નિવેદન કરે છે અને ડાઈટ અંગે વાસ્તવિક વાત કરતી નથી. એક વર્ષમાં સરેરાશ ૫૦૦ વખત મહિલાઓ ખોટું બોલે છે તેવા અભ્યાસ સાથે કેટલાક લોકો સહેમત પણ નથી પરંતુ આ અભ્યાસના ભાગરૂપે ઘણી મહિલાઓને આવરી લેવામાં આવી હતી. બ્રિટનના અખબારે અભ્યાસના તારણો આપતા જણાવ્યું છે કે મહિલાઓ ખોટા નિવેદન કરવામાં હોશિયાર રહે છે. નવ પૈકીની એક મહિલા સરેરાશ ખોટું નિવેદન કરે છે. લંચ, ડિનરમાં ડાઈટના સંબંધમાં મહિલાઓ ખૂબ ઓછા કેસમાં સાચું નિવેદન કરે છે. કેટલીક મહિલાઓ ડાઈટ અંગે ખોટી માહિતી આપતાં એમ કહ્યાં કરે છે કે તે ડાઈટને લઈને ખૂબ સાવધાન છે અને સ્થૂળતા વધી જાય તેવી ચીજવસ્તુઓ ખાવામાં ઉપયોગ કરતી નથી પરંતુ આ બાબત યોગ્ય દેખાઈ રહી નથી. કેટલીક મહિલાઓ દિવસમાં ફ્રૂટ અને વેજીટેબલ ખાવામાં ઉપયોગ કરતી હોવાની વાત કરે છે પરંતુ હકીકતમાં આવું પણ હોતુ નથી.

### લગ્ન પહેલા પાંગરેલા પ્રેમ સબંધનો કરુણ અંજામ

# નવસારીમાં ગુસ્સાની આગમાં બળી રહેલા પ્રેમિકાના ભાઈએ ખેલ્યો લોહિયાળ જંગ

| નવસારી, તા.૪ |

લગ્ન પહેલા પાંગરેલા પ્રેમ સબંધનો નવસારીમાં કરુણ અંજામ આવ્યો હતો. પોતાની બહેન જોડે પ્રેમ સબંધ હોવાનીની હકીકત જાણતા ભાઈ એ વિજલપોર વિસ્તારમાં ધોળા દિવસે સરા જાહેર ૩૩ વર્ષીય યુવાનની ઘાતકી હત્યા કરી દીધી હતી.

નવસારી શહેરના વિજલપોર વિસ્તારમાં ધોળા દિવસે સરા જાહેર ખૂની ખેલ ખેલાયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના બે પરિવાર વચ્ચે લગ્ન પહેલાના પ્રેમ સબંધને લઈ અદાવત થઈ હતી. વિજલપોર વિસ્તારના ક્રિષ્ના નગર ખાતે રહેતા ધર્મેન્દ્ર સોનકરને આ વિસ્તાર માંજ રહેતા દિનેશ સોનકરની બહેન જોડે પ્રેમ સબંધ બંધાયો હતો. જે સબંધને લઈ બંને સોનકર પરિવારો વચ્ચે ખટરાગ પેદા થયો હતો. પ્રેમ સબંધને લઈ અગાઉ ઝઘડા પણ થયા હતા.

જોકે બાદમાં દિનેશની બહેનના યુપી ખાતે લગ્ન કરી દેવાયા હતા. બીજી તરફ ધર્મેન્દ્ર પણ લગ્ન કરી બે બાળકોનો પિતા બન્યો હતો. હાલ જ્યારે યુપી ખાતેથી દિનેશની બહેન નવસારી આવતા ફરી પ્રેમ સબંધને કારણે થયેલી દુશ્મનીનું ભૂત ધુણવા લાગ્યું હતું. દિનેશ ગુસ્સાની આગમાં બળી રહ્યો હતો. તે દરમિયાન બપોરના સમયે વિજલપોર વિસ્તારમાં આવેલ એક લોન્ડ્રી નજીક ધર્મેન્દ્ર સોનકર ઉભો હતો. ત્યારે દિનેશ સોનકર અચાનક ત્યાં ધસી ગયો હતો.

ધર્મેન્દ્ર કઈક સમજે તે પહેલા દિનેશ ત્રણથી ચાર જેટલા તીક્ષ્ણ ચપ્પ ાના ઘા ઝીંકી ફરાર થઈ ગયો હતો. બીજી તરફ અચાનક થયેલા હુમલાના કારણે ધર્મેન્દ્ર લોહી લુહાણ હાલતમાં રસ્તા ઉપર ફસડાઈ પડ્યો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ધમેન્દ્રની ઘાતકી હત્યાના કારણે સોનકર પરિવારના માથે આભ તુટી પડયું હતું. તેના બે બાળકો અને પત્ની નિરાધાર થયા હતા. હત્યાને લઈ ધમેન્દ્રના ભાઈએ દિનેશ સોનકર વિરૂદ્ધ વિજલપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ દોડતી થયેલી પોલીસે ગણતરીના કલાકોમાં ઘાતકી હત્યા કરી ફરાર થઈ ગયેલા દિનેશ સોનકરને ઝડપી પાડ્યો હતો. હાલ વિજલપોર પોલીસ આ મામલામાં આરોપીને કોર્ટમાં રજૂ કરવાની તૈયારી સાથે આગળની તપાસ કરી રહી છે.

# પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયો હોવા છતાં વચેટિયા ચાર્જ વસૂલતા હોવાનું સામે આવ્યુ

| સુરત, તા.૪ |

પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયો હોવા છતાં કેટલાક વચેટિયા ચાર્જ વસૂલતા હોવાનું સામે આવ્યું હતું. આ વચેટિયાઓ રંગે હાથ ઝડપાયા. આ સમગ્ર ઘાટાને લઈ કડક તપાસ કરવામાં આવે તો અનેક રહસ્યો સામે આવે તેમ છે. લોકોની માગ છે કે સુરત એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા પણ આ બાબતે ગંભીરતાથી તપાસ કરવામાં આવે.

સ્થાનિકોનું કહેવું છે કે તપાસમાં પાલિકાના કર્મચારીઓ સાથે અન્ય બાહ્ય લોકો જે આ બાબતે મિલીભગત કરતા હોય તો તેમના નામો પણ સામે આવે તે જરૂરી છે. સાથે તેમની મિલકત બાબતે પણ સઘન તપાસ કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. આ સમગ્ર બાબતને લઈ સુરત મહાનગરપાલિકાની તિજોરીને મોટા પાયે નુકશાન પહોંચ્યું છે. પાલિકા દ્વારા પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યાં હતા. જે સમયે તમામ મિલકતોનું ભાડું કોન્ટ્રાકટરો દ્વારા પાલિકાને જમા કરાવવાનું હોય છે અને સમય મર્યાદા પૂર્ણ થયા બાદ કોન્ટ્રાકટર નાણાં ઉઘરવી શકતો નથી. તેમ છતાં કોન્ટ્રાક્ટ પૂર્ણ થયા બાદ પણ લોકો પાસેથી રૂપિયા ઉઘરાવાતા હોવાનુ સામે આવતા વચેટિયા ત્યાંથી નાસી ગયાં હતાં.

સુરતના જિલ્લામ બોમ્બે માર્કેટ નજીકના બ્રિજ નીચે સુરત મહાનગર પાલિકાના પે એન્ડ પાર્કમાં રામ ધડૂક નામના વ્યક્તિ દ્વારા ઉઘરાણી અંગેના આરોપ લગાવવામાં આવ્યા. જેમાં તેમણે કહ્યું કે કોન્ટ્રાકટ પૂર્ણ થઈ ગયો હોવા છતાં જીસ્ઝ પાર્કિંગના રૂપિયા લેવામાં આવી રહ્યા છે. હજી પણ પાર્કિંગમાં પાર્ક કરાતી ગાડીઓના વચેટિયાઓ પાર્કિંગ નું ભલું ઉઘરાવી રહ્યા હોવાથી તેઓને રંગે હાથે ઝડપી લીધા હતા. રંગે હાથ પકડાયા બાદ વચેટીયાઓ સ્થળ પરથી ફરાર થયા છે.સુરત વરાછા પોલીસ સ્ટેશનમાં આપના પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક અરજી આપી લોકો સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધવા માગ કરી છે.

# સ્વાર્થ અને ધોકાબાજી ચાલુ રહેશે!



એન્ડટીવી પર દૂસરી મા, હપ્પુ કી ઉલટન પલટન અને ભાભીજી ઘર પર હૈનાં પાત્રો તેમના પ્રયાસમાં નિષ્ફળ જશે. એન્ડટીવી પર દૂસરી માની વાર્તા વિશે યશોદા કહે છે, ‘‘યશોદા (નેહા જોશી) તેને રૂ. ૧૫,૦૦૦ આપવા બાઉજી (સુનિલ દત્ત)ને પૂછે છે. અન્યથા તેને રણધીર (દર્શન દવે)ની નોકરીની ઓફર સ્વીકારવી પડશે. તેની કૃતિ યશોદાને રડાવે છે. તેને સાંત્વન આપતાં કૃષ્ણા (આયુધ ભાનુશાલી) અશોક (મોહિત ડાગા)ની મિલકત વિશે ઉલ્લેખ કરે છે, જેને લઈ યશોદાને આઈડિયા મળે છે. તે મનોજ (આરજે મોહિત)નો સંપર્ક કરીને અશોકની બંધ ઓફિસ ભાડે આપવા સહાય કરવા કરે છે. યશોદા દરેકને અશોકની ઓફિસ ભાડે આપવી છે એવી જાણકારી આપે છે. તે તેનાં બિલો ચૂકવે છે, પરંતુ દાદાજી ભાડૂત સાથે આવીને દાવો કરે છે કે તેમણે ઓફિસ વેચી નાખી છે અને યશોદાએ નાણાં પાછાં આપી દેવાં જોઈએ. એન્ડટીવી પર હપ્પુ કી ઉલટન પલટનની વાર્તા વિશે યોગેશ ત્રિપાઠી કહે છે, ‘‘ગબ્બર (સાહેબ દાસ માણિકપુરી) રાજેશ (કામના પાઠક) પાસે દસ લાખની માગણી કરે છે.

રાજેશ હપ્પુ (યોગેશ ત્રિપાઠી)ને પૈસાની વ્યવસ્થા કરવા સૂચના આપે છે. હપ્પુ બીજા દિવસે પોલીસ સ્ટેશનમાં આવે છે ત્યારે કમિશનર કિશોર ભાનુશાલી રોષે ભરાયેલો હોય છે. કમિશનર કહે છે કે પોતે વૃ દ્ધ મહેસૂસ કરે છે અને તેને દસ વર્ષ નાના થવું છે.

# ઇન્ડિયામાં નોન-કોમ્યુનિકેબન ડીસીસમાં વધારો



ગુરુ પૂર્ણિમા એ દરેક આધ્યાત્મિક અને શિક્ષણ ગુરુઓ પ્રત્યેના આદરને સમર્પિત એક ધાર્મિક હિન્દુ તહેવાર છે અને આ વર્ષે તે ૩જી જુલાઈના રોજ ઉજવાશે. આ શબ્દના જ સંસ્કૃત મૂળ છે અને ‘ગુરુ’ શબ્દનો અર્થ જ ‘અંધકાર દૂર કરનાર’ એવો થાય છે. આ દિવસની ઉજવણી વાર્ષિક અષાઢ માસની પૂનમના દિવસે થાય છે અને તે દરેક વ્યક્તિના જીવનમાં મહત્વનો ભાગ ભજવતા, દરેક ‘ગુરુ’ કે શિક્ષકોને સમર્પિત છે.

આ ખાસ પ્રસંગે ઝી ટીવીના કલાકારો જેવા કે, ઐશ્વર્યા ખરે ઉર્ફે ભાગ્ય લક્ષ્મીની લક્ષ્મી, શક્તિ આનંદ ઉર્ફે કુંડલી ભાગ્યનો કરણ, આશી સિંઘ ઉર્ફે મીતની સુમીત અને નિહારિકા રોય ઉર્ફે પ્યાર કા પહેલા નામ રાધા મોહનની રાધા તેમના જીવનના ગુરુ પ્રત્યેનો આભાર વ્યક્ત કરે છે. ઐશ્વર્યા ખરે, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં લક્ષ્મીનું પાત્ર કરી રહી છે તે કહે છે, ‘‘ગુરુ પૂર્ણિમાએ આપણને યાદ અપાવે છે કે, આપણે બીજું કંઈ નથી પણ જીવનના વિદ્યાર્થીઓ છીએ અને તે ખરેખર એક એવી શિક્ષક છે, જે આપણને વિકસવામાં હંમેશા મદદ કરે છે. એક કલાકાર તરીકે, હું એટલું કહીશ કે, જે રીતે એક કલાકાર તેના માર્ગદર્શન માટે કે પ્રેરણા માટે તેમના ગુરુ પર આધાર રાખે છે, આપણે બધા આપણા જીવનના સંબંધિત માર્ગદર્શકો પાસેથી શાણપણ અને જ્ઞાનને શોધીએ છીએ. મારા જીવનમાં હું ઘણા ગુરુને મળી છું.

# હિરો મોટોકોર્પ અને હાર્લી ડેવીડસન દ્વારા સહ-વિકસિત આગવી મોટરસાયકલ ‘હાર્લી ડેવીડસન X440’ને ભારતમાં સૌપ્રથમ વખત રજૂ કરી



પોતાની યાત્રામાં વધુ એક નોંધપાત્ર કદમ ઉઠાવતા વિશ્વની સૌથી મોટી મોટરસાયકલ અન સ્કુટર્સની ઉત્પાદક હિરો મોટોકોર્પ અને વિશિષ્ટ અમેરિકન મોટરસાયક ઉત્પાદક હાર્લી-ડેવીડસનએ તેમની સહ વિકસિત આગવી મોટરસાયકલ હાર્લી-ડેવીડસન **X440** ભારતમાં લોન્ચ કરી છે. હાર્લી-ડેવીડસન **X440** એવી સૌપ્રથમ આગવી મોટરસાયકલ તરીકે ઉભરી આવી છે જેને બે બ્રાન્ડઝ વચ્ચેના લાયસન્સીંગ કરાર હેઠળ રજૂ કરવામાં આવી છે.

હાર્લી-ડેવીડસન **X440**નું વૈશ્વિક કક્ષાની અને હિરો સેન્ટરના અદ્યતન ઈનોવેશન એન્ડ ટેકનોલોજી (સીઆઈટી) ખાતે હિરો મોટોકોર્પના એક્ઝિક્યુટીવ ચેરમેન ડૉ. પવન મુંજાલ અને હાર્લી-ડેવીડસનના પ્રેસિડન્ટ શ્રી જોશેન ઝેઈત્ઝ દ્વારા રોકાણકારો, માધ્યમો, ડીલર્સ અને ભાગીદારોની હાજરીમાં અનાવરણ કરવામાં આવ્યુ હતુ.

તદ્દન નવા હાર્લી-ડેવીડસન ૪૪૦ હિરો મોટોકોર્પ અને હાર્લી ડેવીડસના **440cc** સેગમેન્ટમાં ભારતમાં પ્રથમવારના પ્રવેશને અંકિત કરે છે. હિરો **CIT** ખાતે હિરો મોટોકોર્પ અને હાર્લી-ડેવીડસન દ્વારા સહ-વિકસિત કરાયેલ હાર્લી-ડેવીડસન **X440**નું ઉત્પાદન કંપનીના ઉત્તરીય રાજ્ય રાજસ્થાનમાં નીમરાણા ખાતેની ગાર્ડન ફેક્ટરીમાં કરવામાંઆવશે.

# ગીરસોમનાથના તાલાલામાં 3 ઇંચ જેટલો વરસાદ નોંધાયો

| ગાંધીનગર, તા.૪ |

રાજ્યનાં ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ત્યારે છેલ્લા ૧૨ કલાકમાં રાજ્યનાં અમુક તાલુકાઓમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. જેમાં ગીર સોમનાથનાં તાલાલામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામકંડોરણામાં ૨ ઈંચ વરસાદ અને મેદરડામાં પોણા બે ઈંચ વરસાદ, રાજુલામાં ૧.૩ ઈંચ, ઉપલેટામાં ૧ ઈંચ, ઉમરગામમાં ૧ ઈંચ તેમજ વાપીમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સ્થાનિક હવામાન વિભાગ દ્વારા તા.૬ જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની આગાહી કરાઈ છે. અત્યારે હળવોથી મધ્યમ પ્રકારનો વરસાદ પડશે, પરંતુ નવી સિસ્ટમ સક્રિય થવાથી તા. ૬ જુલાઈથી મેઘરાજા રાજ્યમાં ફરી તોફાની બેટિંગ કરી શકે છે. હવામાન વિભાગે રાજ્યમાં ૫ દિવસ વરસાદની આગાહી કરી છે. આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદ રહેશે. ગુજરાતમાં આગામી ૬ તારીખથી વરસાદનું જોર વધશે.

અમરેલીનાં ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભામાં ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તેમજ દાઢીયાળી, ભાવરડી, ખડાધાર, પીંપળવા, ચતુરી તેમજ ખાંભામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભા પંથકનાં ગામડાઓમાં ખેતરોમાં પાણી ભરાયા હતા. ગીર સોમનાથ જીલ્લામાં વરસાદી માહોલ છવાયો હતો. તાલાળા શહેર અને ગીરનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો હતો. ત્યારે ધાવા, સુરવા, આકોલવાડી સહિતનાં ગોમામાં વરસાદ નોંધાયો હતો. રાજકોટનાં લોધિકા તાલુકામાં ફરી વરસાદી માહોલ છવાયો હતો. જેમાં લોધિકાનાં કોઠા પીંપળીયામાં વરસાદી માહોલ છવાયો હતો. બે દિવસનાં વિરામ બાદ ફરી વરસાદી માહોલ છવાયો હતો.

## BOLLYWOOD NEWS FLASH

### ફિલ્મ નિર્દેશક એટલી અત્યારે શાહરૂખ ખાન, નયનતારા અને વિજય સેતુપતિ સ્ટારર ફિલ્મ જવાનની તૈયારીમાં છે




| મુંબઈ, તા.૪ |

સાઉથના પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક અત્યારે પોતાની અપકમિંગ ફિલ્મ જવાનના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન, નયનતારા અને વિજય સેતુપતિ જેવા સ્ટાર્સ જોવા મળશે. આ તમામની વચ્ચે એટલીની આવનારી ફિલ્મના પણ સમાચાર સામે આવ્યા છે. હવે તે એક એક્શન ફિલ્મ બનાવવા જઈ રહ્યો છે, જેમાં વરૂણ ધવન હીરો હશે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, દર્શકોને એવા એક્શન સીન્સ જોવા મળશે, જે પહેલા ક્યારેય નહીં જોયા હોય. જવાન ફિલ્મની રિલીઝ પછી એટલી આ ફિલ્મ પર વરૂણ ધવનની સાથે કામ કરવા એકદમ તૈયાર છે. જોકે, આ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ચૂકી છે. થોડા સમય પહેલા રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું હતું કે, વરૂણ ધવને એક એક્શન એન્ટરટેનર માટે એટલી સાથે મળીને કામ કર્યું છે. અત્યારે એટલી શાહરૂખ ખાનની સાથે પોતાની આવનારી ફિલ્મ જવાનની રિલીઝ માટે તૈયારી કરી રહ્યો છે અને ફરી એક વાર હવે ફિલ્મ ૭ સપ્ટેમ્બરે રિલીઝ થઈ જશે. તો વરૂણ ધવનની સાથે આવનારી ફિલ્મ પર કામ શરૂ કરશે. વરૂણ ધવને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તારીખની જાહેરાત કરી છે. અભિનેતાએ લખ્યું હતું કે, વીડી૧૮ ૩૧ મે ૨૦૨૪ થિએટરમાં. જોકે, એટલી ફક્ત ફિલ્મનું નિર્માણ કરવા જઈ રહ્યો છે. જ્યારે તેનું નિર્દેશન કૈલીઝ કરશે અને આમાં અભિનેત્રી અનુષ્કા શર્મા પણ હશે. જો આ ફિલ્મમાં અનુષ્કા હોવાની વાત સાચી હશે તો સુઈ ધાગા ફિલ્મ પછી બંને ફરી એકસાથે કામ કરતા જોવા મળશે.

### સોશિયલ મીડિયા પર બંનેનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે જેમાં બંને લંગર સેવા કરતાં દેખાઈ રહ્યા છે

# પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ કરી લંગર સેવા

| મુંબઈ, તા.૪ |

આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢા અને એક્ટ્રેસ પરિણીતી ચોપરાએ શનિવારે અમૃતસરના સુવર્ણ મંદિરના દર્શન કર્યા હતા. લગ્ન પહેલા બંનેએ સુવર્ણ મંદિરમાં શિશ ઝુકાવ્યું હતું. હવે સોશિયલ મીડિયા પર કપલનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે. જે જોઈને લોકો તેમના ખૂબ વખાણ કરી રહ્યા છે.



પરિણીતી અને રાઘવ ગુરુદ્વારામાં સેવા કરતાં જોવા મળી રહ્યા છે. તેમણે સાથે મળીને વાસણ પણ સાફ કર્યા હતા. ગુરુદ્વારામાં દર્શન કર્યા બાદ લંગર સેવાનું અનેરું મહત્વ છે. રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરાએ લંગર સેવા કરી અને શ્રદ્ધાળુઓના એંઠા વાસણ પણ ધોયા હતા. સોશિયલ મીડિયા પર આ વિડીયો વાયરલ થતાં જ ફેન્સ બંનેના ખૂબ વખાણ કરી રહ્યા છે. બંને સેલિબ્રિટીઝ હોવા છતાં આ પ્રકારે સેવા આપતાં લોકોએ પ્રશંસા કરી છે. સુવર્ણ મંદિરમાં દર્શન કર્યા બાદ રાઘવ અને પરિણીતીએ પોતપોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર ત્યાંની એક તસવીર શેર કરી હતી.

# કપિલ શર્મા શો બંધ થાય તે પહેલા સિદ્ધુની ફરી થશે એન્ટ્રી?

| મુંબઈ, તા.૪ |

કોન્ટ્રોવર્સી બાદ ૨૦૧૯માં બાદ નવજોત સિંહ સિદ્ધુની ધ કપિલ શર્મા શોમાંથી એક્ઝિટ થઈ હતી. જે બાદ તેમનું સ્થાન અર્ચના પુરણ સિંહે લીધું હતું, ત્યારથી તેઓ શોનો ભાગ છે અને ચાર વર્ષથી ખુરશી સંભાળી છે. આ માટે માત્ર કોમેડિન કપિલ શર્મા અને તેની ટીમ જ નહીં પરંતુ મહેમાન બનતા સેલેબ્સ પણ ઘણીવાર તેની મજાક ઉડાવે છે. લેટેસ્ટ એપિસોડમાં ફરીથી આવું કંઈક થવાનું છે. વાત એમ છે કે, રેણુકા સહાણે, મિનિ માથુર, પારિઝાદ કોલાહ અને રિચા અનિરુદ્ધ **TKSS**ના ગેસ્ટ બનવાના છે. ચેનલના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી આગામી એપિસોડનો પ્રોમો શેર કરવામાં આવ્યો છે, જેમાં કપિલ સિદ્ધુની શોમાં એન્ટ્રીની જાહેરાત કરી અર્ચનાને હેરાન કરતો દેખાયો. પારિઝાદ કોલાહ ‘ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જ’ હોસ્ટ કરી ચૂકી છે, જેમાં નવજોત સિંહ સિદ્ધુ જજ હતા. પ્રોમોમાં કપિલ પારિઝાદને કહે છે કે જો તે બોલાવશે તો સિદ્ધુ ચોક્કસથી આવશે. આ સાંભળી અર્ચના થોડી ચિંતિત થઈ જાય છે અને પારિઝાદને હાથથી ઈશારો કરી ના પાડે છે. કપિલ ફરી તેને અનાઉન્સમેન્ટ કરવા કહે છે અને એન્ટરન્સ તરફ જોઈ કહે છે ‘ઠોકો તાલી’, જે સિદ્ધુનો ટ્રેડમાર્ક ડાયલોગ હતો. અર્ચાના આઘાત સાથે દરવાજા તરફ જુએ છે. પ્રોમોમાં કપિલ શર્મા કૃષ્ણા અભિષેકને શોમાંથી બ્રેક લેવા અંગે ચીડવતો દેખાયો. રેણુકા સહાણે તે પતલો લાગી રહ્યો હોવાનું કહેતા, કૃષ્ણાએ કહ્યું કે તે બ્રેક પર હતો. તો કપિલે કહ્યું ‘બીજી ચેનલ ખાવા નથી દેતી તો તું કેમ જાય છે.

### ઉલ્ટા ચશ્મા શોમાં ધોતી અને કુર્તો પહેરે છે, જ્યારે તસવીરમાં તેઓ ટીશર્ટ-ડેનિમ અને ટોપીમાં દેખાયા

# ઉલ્ટા ચશ્માના જેઠાલાલના બાપુજી બુલેટ પર દેખાયા

| મુંબઈ, તા.૪ |

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો હંમેશા કોઈને કોઈ કારણથી ચર્ચામાં રહે છે. ક્યારેક નવા એક્ટરની એન્ટ્રી તો ક્યારેક જૂના એક્ટરની એક્ઝિટ.... ક્યારેક ટ્રોલિંગ તો ક્યારેક એપિસોડમાં દેખાડવામાં આવતી હજમ ન થાય તેવી વાતો. આ શો છેલ્લા દોઢ મહિનાથી તેના ત્રણ પૂર્વ એક્ટર્સે મેકર્સ પર લગાવેલા આરોપના કારણે લાઈમલાઈટમાં છે, જ્યારે બાકીની ટીમે આ અંગે મૌન સાધીને રાખ્યું છે.



આ દરમિયાન અમિત ભટ્ટ, જેઓ શોમાં બાપુજીનું પાત્ર ભજવવા માટે જાણીતા છે, તેમણે એક એવી તસવીર શેર કરી હતી, જે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ હતી. આ તસવીર પર યૂઝર્સે પણ ફની રિએક્શન આપ્યા હતા. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે, ઓનસ્ક્રીન તેઓ જે કપડામાં જોવા મળે છે તેવા કપડા તેમણે નથી પહેર્યા. તેઓ શોમાં ધોતી અને કુર્તો પહેરે છે. જ્યારે તસવીરમાં તેઓ ટીશર્ટ-ડેનિમ અને ટોપીમાં દેખાયા. અમિત ભટ્ટે જે તસવીર શેર કરી હતી, તેમા તેમણે બુલેટ પર બેસીને પોઝ આપ્યો હતો. તેમને આ રીતે જોઈ યૂઝર્સને મસ્તી સૂજી હતી.

# બોયફ્રેન્ડ માઈકલ સાથે ઉતરણ ફેમ શ્રીજીતા ડેએ કર્યા લગ્ન

## જર્મનીમાં ખ્રિસ્તી રિવાજોથી બન્યા પતિ-પત્ની

### બે વર્ષ એકબીજાને ડેટ કર્યા પછી હવે શ્રીજીતા અને માઈકલ પતિ-પત્ની બની ગયા છે, ફેન્સ અને ફોલોઅર્સે તેમને શુભેચ્છા આપી

| મુંબઈ, તા.૪ |

બિગ બોસ ૧૬માં જોવા મળેલી ટીવી એક્ટ્રેસ શ્રીજીતા ડેએ તેના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરી લીધા છે. શ્રીજીતાએ જર્મનીના ચર્ચમાં બોયફ્રેન્ડ માઈકલ સાથે વ્હાઈટ વેડિંગ કર્યા છે. શ્રીજીતાએ ખ્રિસ્તી રિવાજોથી માઈકલ સાથે લગ્ન કર્યા છે. ૧ જુલાઈએ લગ્ન થયા બાદ શ્રીજીતાએ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી છે. જેમાં ક્યારેક તે પતિને કિસ કરતી, તેની સાથે ચાલીને ચર્ચમાં પ્રવેશ કરતી જોવા મળે છે. તસવીરોમાં જોઈ શકો છો કે, શ્રીજીતાએ વ્હાઈટ રંગનો ઓફ-શોલ્ડર ડ્રેસ પહેર્યો છે અને તેની પાછળ લાંબી



વેલ (લાંબા દુપટ્ટા જેવું કપડું) જોવા મળે છે. જ્યારે માઈકલ બ્લેક રંગના સૂટ અને બો ટાઈમાં હેન્ડસમ લાગતો હતો. કપલની લગ્નની તસવીરો પરીકથા સમાન લાગતી હતી. શ્રીજીતાએ શેર કરેલી તસવીરો દ્વારા રોમેન્ટિક હતી અને સાથે જ ઈતિહાસના કોઈ પુસ્તકના ચિત્રો હોય તેવી લાગતી હતી. તેણે આ તસવીરો શેર કરતાં લખ્યું, આજે અમે અનંતકાળના સાથની હાથમાં હાથ નાખીને શરૂઆત કરી રહ્યા છીએ. શ્રીજીતાએ આ તસવીરો શેર કરતાં જ મનોરંજન ઈન્ડસ્ટ્રીના તેના મિત્રોએ તેને શુભેચ્છા આપવાનું શરૂ કરી દીધું હતું. બિગ બોસ ૧૬ ફેમ શિવ ઠાકરેએ લખ્યું, ‘‘અભિનંદન.’’ અર્ચના ગૌતમે પણ અભિનંદન પાઠવતા લખ્યું, ‘‘કોંગ્રેચ્યુલેશન્સ યારા.’’ આ સિવાય પણ કેટલાય સેલેબ્સે શુભેચ્છાઓ આપી હતી. જણાવી દઈએ કે, શ્રીજીતા ડે બિગ બોસ ૧૬ની કન્ટેસ્ટન્ટ હતી અને આ શો દ્વારા તેને પોપ્યુલારિટી મળી હતી. ફેમિલી વીકમાં તેનો ફિઆન્સે માઈકલ પણ તેને બિગ બોસના ઘરમાં મળવા આવ્યો હતો. હાલમાં જ શ્રીજીતાએ જણાવ્યું હતું કે, તેણે પોતાના બિગ બોસ ૧૬ના મિત્રો અબ્દુ રોઝિક, શિવ ઠાકરેને લગ્નમાં બોલાવ્યા હતા પરંતુ કામમાં વ્યસ્ત હોવાને કારણે તેઓ આવી ના શક્યા. શ્રીજીતાએ ઈન્ટરવ્યૂમાં એમ પણ ખુલાસો કર્યો હતો કે, મુંબઈ આવ્યા પછી તે ગ્રાન્ડ રિસેપ્શન આપશે. જે બાદ ગોવામાં બંગાળી રિવાજો પ્રમાણે લગ્ન પણ કરશે.

# સરધારમાં એક રાત બંધ રહેલાં પટેલનાં મકાનમાં તસ્કરો ત્રાટક્યા ૧૬.૫૯ લાખની ચોરી

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૪ ।

જસદણ નજીક આવેલ સરધાર ગામમાં એક રાત માટે બંધ રહેલા ખેડૂતના મકાનને નિશાન બનાવી બે ચોર રોકડ, દાગીના મળી રૂા. ૧૬,૫૯,૫૦૦ની માલમત્તા ચોરી ગયા છે. આ બંને ચોર રાત્રીના ૨:૫૧ આસપાસ દોટ મુકીને આવે છે અને ત્રણેક વાગ્યા આસપાસ બહાર નીકળી ખેતર તરફથી ભાગી જાય છે. સીસીટીવી કેમેરામાં ચોર કેદ થયા હોઈ પોલીસે તપાસ શરૂ કરી છે. જાણભેદૂની સંડોવણી હોવાની પણ શંકા ઉપજી છે. બે ત્રણ શખ્સોની પુછતાછ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ સરધારમાં કે. જી. વિસ્તાર શેરી નં. ૧માં રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં મગનભાઈ શામજીભાઈ ઢાકેચા (ઉ.વ.૫૫)ના ઘરમાં ચોરી થયાની જાણ થતાં આજીડેમ પોલીસ મથકના પીઆઈ એલ. એલ. ચાવડાની રાહબરીમાં પીએસઆઈ એ. જે. પરમાર સહિતની ટીમે પહોંચી તપાસ શરૂ કરી હતી. ભાજપ આગેવાન તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ચેતનભાઈ પાણ સહિતના પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને સીસીટીવી ફૂટેજ એકઠા કરવામાં પોલીસને મદદરૂપ બન્યા હતાં.

મગનભાઈ ઢાકેચા અને તેમના પત્નિ ઉર્મિલાબેન, પુત્ર રવિભાઈ તથા પુત્રવધૂ કાજલબેન એમ ચારેય સ્વજનો તા. ૨ના રવિવારે બપોરે ત્રણેક વાગ્યે ઘરને તાળા મારી કાલાવડના ધુડશીયા ગામે વેવાઈના ઘરે ગયા હતાં. તાજેતરમાં મગનભાઈ યાત્રા પુરી કરીને આવ્યા હોઈ જેથી



વેવાઈએ જમણવાર રાખ્યો હતો. રવિવારે રાતે જમ્યા બાદ મોડુ થઈ ગયું હોઈ રાતે ત્યાં જ રોકાઈ ગયા હતાં. આ કારણે સરધારમાં તેમનું ઘર એક રાત માટે રેઢુ રહ્યું હતું.

આ ઘરમાં રાતે બે ચોર ઘુસી ગયા હતાં અને કબાટના તાળા તોડી સોનાના દગીના જેમાં મંગળસુત્ર, પેન્ડન્ટવાળી માળા, સનોની બુટી, પાટલા, વીંટી, ચેઈન, સોનાનો કાનનો સેટ, લક્કી, સોનાનું તનમનીયુ, હાર, બુટી, ચાર બંગડી બે પાટલા, હાથના પોંચા, અન્ય એક મંગલસુત્ર મળી કુલ રૂા.૧૪,૬૯,૫૦૦ના સોનાના દાગીના તથા રૂા. ૪૩ હજારના ચાંદીના દાગીના અને રૂા. ૧,૪૭,૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૧૬,૫૯,૫૦૦ની માલમત્તા ચોરી ગયા હતાં.

એક દૂકાનના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવતાં રાતે ૨:૫૧ કલાકે બે ચોર દોટ મુકીને આવતાં અને સીધા જ મગનભાઈના ઘરમાં ઘુસી જતાં દેખાયા હતાં. જે બાદમાં ત્રણેક વાગ્યે હાથફેરો કરી ભાગી ગયા હતાં. આ જોતાં ચોર કોઈ જાણભેદૂ હોવાની શંકા ઉપજી છે. બંનેએ કાળા પેન્ટ-શર્ટ-ટીશર્ટ પહેર્યા હતાં. ચહેરા સરખા દેખાતા નથી. પોલીસે બે ત્રણ શકમંદોને પુછતાછ માટે ઉઠાવી લીધા છે.

# ડાંગ જિલ્લાના ૧૧ ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરની કરાટે ચેમ્પિયનશિપમાં ભાગ લેવા પસંદગી પામ્યા



। ડાંગ, તા.૪ ।

અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી પરીવારના બાળકો શહેર જેવી સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે અત્યાધુનીક સુવિધાઓ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓની સાથે સાથે રમત-ગમત શ્રેત્રમા ભાગ લઈ વિધ્યાર્થીઓનો પોતાનો સંર્વાગી વિકાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. ખેલ મંહાકુભ થકી ડાંગ જિલ્લાના એથલિટ સરીતા ગાયકવાડ અને મુરલી ગાવિત જેવી પ્રતિભાઓ ઉભરી આવ્યા અને તેઓએ આંતરરાષ્ટ્રિય સ્તરે ભારતનો ડંકો વગાડ્યો છે. આ ઉપરાંત બિલીઆંબા પ્રાથમિક શાળાના બાળકોએ પણ ખેલ મહાકુંભમા ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા છે. તેમજ ડાંગ જિલ્લાનો યુવા ખેલાડી પૃથ્વી ભોયે જે નેશનલ આઈસ સ્ટોક ચેમ્પિયનશિપમા સિલ્વર મેડલ જીતી ચુક્યો છે.

ડાંગ જિલ્લાના વિધ્યાર્થીઓ શિક્ષણની સાથે રમત-ગમતના જુદા જુદા ક્ષેત્રોમા હરણફાળ સાથે આગેકુચ કરી રહ્યા છે. તાજેતરમા જ તા. ૨૫ જૂનના રોજ જૂનાગઢ ખાતે આયોજિત અખિલ ગુજરાત કરાટે ચેમ્પિયનશિપમા ડાંગના ખેલાડીઓનો ડંકો વાગ્યો છે. જેમા ડાંગ જિલ્લાના વિધ્યાર્થીઓએ કરાટેની વિવિધ વય શ્રેણીમાં ભાગ લીધો હતો, અને દરેક ખેલાડી પોતપોતાની કેટેગરીમાં મેચ જીતવામાં સફળ રહ્યા હતા.

કરાટે ચેમ્પિયનશિપમા ભાગ લીધેલ ખેલાડીઓમા વિનિત.એસ.ચૌર્યા, મહેશ.પી. વાઘ, અજય.એસ. ચૌર્યા, દિવ્યા.એચ.ગાયકવાડ, શિતલ. એમ.રાઉત, રોશની.એસ.મોરે, તારા.એમ.આહીર, રોશની. આર.ગાયકવાડ, સોનલ. એમ.પારે, મહેશ્વરી.એ.બૈરાગી છે. આ તમામ ખેલાડીઓને કોચ અને જનરલ સેક્રેટરી શ્રી પીઆર દીપક કુમાર દ્વારા સતત ૩ મહિના સુધી તાલીમ આપવામા આવી હતી.

એકતાનગર ખાતે યોજનારી G-20 સમિટને લઈને સુરક્ષા વ્યવસ્થાનું રિહર્સલ

# એકતાનગરના વિવિધ મહત્વના સ્થળોની સુરક્ષાને ધ્યાને લઈ સફળ મોકડ્રીલ યોજાઈ

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી ફૂડકોર્ટ, રેલવે સ્ટેશન પાસે ધ ફર્ન હોટલ, સરદાર સરોવર નર્મદા બંધ, ટેન્ટ સિટી-૦૧, એકતા મોલ ખાતે આતંકી હુમલાની ઘટના અંગે મોકડ્રીલ**



। રાજપીપલા, તા.૪ ।

આઝાદીના અમૃત મહોત્સવ અવસરે ભારત દેશ જી-૨૦ની પ્રમુખ આગેવાની કરી રહ્યું છે ત્યારે નર્મદા જિલ્લામાં આગામી સમયમાં એકતાનગર ખાતે જી-૨૦ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેને ધ્યાને લઈ પ્રવાસીની સલામતી તથા સુરક્ષા વ્યવસ્થાની ચકાસણીના ભાગરૂપે જિલ્લા કલેકટરઅને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્વેતા તેવતિયાના પ્રેરક માર્ગદર્શન અને રાહબરી હેઠળ તથા CEO ની નિગરાની તળે ગઈકાલે તા.૦૩જી જુલાઈ ને સોમવારના રોજ સવારે એકતાનગર (કેવડીયા) ખાતે વિવિધ સ્થળોએ સફળ મોકડ્રીલ યોજાઈ હતી. અને દિલધડક ઓપરેશન ચેતક કમાન્ડો દ્વારા કરવામાં આવ્યું હતું.

વિશ્વના પ્રવાસનના નકશામાં અંકિત થયેલી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના અન્ય સ્થળો ફૂડકોર્ટ, સરદાર સરોવર નર્મદા બંધ, ધ ફર્ન હોટલ, ટેન્ટ સિટી ૦૧-૦૨, એકતા મોલ ખાતે આતંકી હૂમલો થતાં અનેક પ્રવાસીઓને આતંકીઓએ બાનમાં લીધા હતા. ચાર જેટલા સશસ્ત્ર આતંકીઓ આ તમામ સ્થળોએ ઘુસી પ્રવાસીઓને બાનમાં લેવા અંગેના સમાચાર ઈમર્જન્સી રિસ્પોન્ડ ટીમ અને જિલ્લા વહીવટી મળતા જ તંત્રએ સતર્ક થઈને વિવિધ ફોર્સને ઓપરેશનના ભાગેરૂપે એક્ટિવ કરી આતંકી હુમલાના સ્થળે પોલીસ ખડકી દઈ કોર્ડન કર્યુ હતુ. આતંકી હુમલાની જાણ થતાં જ સૌ



પ્રથમ તે તરફ જતા રસ્તાઓને વાહન વ્યવહાર માટે સલામતી-સુરક્ષા માટે બંધ કરી સ્થાનિક પોલીસ દ્વારા સ્થિતિ નિયંત્રણમાં કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થાનિક પોલીસ અને એસઓજીની ટીમોએ આતંકી હુમલા વાળી જગ્યાઓને કોર્ડન કરી ઘેરો બનાવી આતંકવાદીઓ સામે પડકાર ફેંક્યો હતો.

આતંકી હુમલાની ઘટનાને ધ્યાને લઈ તેની ગંભીરતા જાણી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્ટેટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ અને ઈમર્જન્સી રિસ્પોન્ડ ટીમની મદદ લઈ હુમલાની ઘટનામાં ઓપરેશન માટે ગાંધીનગરથી ચેતક કમાન્ડોની ટીમની જરૂરિયાત જણાતા તેની માગણી કરી હતી. ચેતક કમાન્ડોની ટીમ એકતાનગર ખાતે તાત્કાલિક આવી પહોંચતા ડિઝાસ્ટર રિસ્પોન્ડીંગ ઓફિસર દ્વારા હુમલાની ઘટના અંગે નકશાના માધ્યમથી સ્થળ સ્થિતિથી કોમ્યુનિકેશન દ્વારાવાકેફ કરતા ચેતક કમાન્ડોની ટીમો દ્વારા તાબડતોડ કુનેહ પૂર્વક તમામ સ્થળોએ ઓપરેશન પાર પાડી આતંકીઓને ઠાર કર્યા હતા.

# ડીસા લાટી બજાર વિસ્તારમાં અગરબત્તીની ફેક્ટરીમાં ભયંકર આગ

**સાત કલ્લાકની ભારે ઝહેમત બાદ આગ પર કાબુ લાખોનુ નુકશાન**

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૪ ।

બનાસકાંઠા જીલ્લાની આર્થીક નગરી ડીસા શહેરમાં લાટી બજાર વિસ્તારમાં અગરબત્તીની ફેક્ટરીમાં વહેલી સવારે આસરે પાંચ વાગ્યાના આસ પાસ આગ લાગી હતી. આગે ભયંકર રૂપ ધારણ કરતા ફાયર ફાયટરની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જેમા ડીસા નગરપાલિકાના ત્રણ ફાયર ફાઈટર, પાણીના ટેંકરો, લોડર છોટા હાથી, ૨ જે.સી.બી અને ટ્રેકટર સહીત કાફલો કામે લાગ્યો હતો. પરંતુ આગ વધુ હોય પાલનપુર, થરાદ, અને ધાનેરા થી પણ ફાયર ફાઈટર બોલાવવા પડ્યા ત્યારે અંદાજે સાત કલ્લાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ



મેળવ્યો હતો. જે દર્મીયાન નગરપાલિકા, પોલીસ, અને યુ.જી.વી.સી.એલ નો સ્ટાફ સતત હાજર રહ્યો હતો. આગ લાગવાનુ ચોક્કસ કારણ હજી સુધી જાંણી શકાયુ નથી. પરંતુ કારખાનાના માલિકને પુંછપરછ કરતા તમણે અંદાજીત ૧૫ લાખ થી વધુ નૂકશાન હોવાનુ અનુમાન જણાવ્યુ હતુ.

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે "હોસ્પિટલ અને પેશન્ટ કેર ઇમ્પ્રુવમેન્ટ મિશન" (HPCIM) હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી પાયલટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો

। ગાંધીનગર, તા.૪ ।

આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ દ્વારા હોસ્પિટલ અને પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હેઠળ (HPCIM)ના પાયલટ પ્રોજેક્ટનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી શુભારંભ કરાવવામાં આવ્યું હતુ. આ મિશન હેઠળ આરોગ્યમંત્રીશ્રીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દી અને સગાઓ માટે નવનિર્મિત બે હેલ્પ ડેસ્ક અને CSR હેઠળ મળેલ ત્રણ ગોલ્ફ કારનો શુભારંભ કરીને દર્દીઓની સેવામાં સમર્પિત કરી હતી. દર્દી – કેન્દ્રીત આરોગ્ય સારવાર અને સંભાળની સાથે હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવા-સુવિધાઓની ઉપલબ્ધતા હોસ્પિટલમા આવતા દર્દી અને તેમના સગાઓને આ હેલ્પ ડેસ્ક અંતર્ગત 24*7 સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટર અને ઓ.પી.ડી.




સેન્ટરમાં રાઉન્ડ ધ ક્લોક આ હેલ્પ ડેસ્ક કાર્યરત કરવામાં આવ્યા છે. દર્દી અને તેમના સગાઓની હોસ્પિટલમાં અવર-જવર માટે ગોલ્ફ કારનો પણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ ત્રણેય ગોલ્ફકાર એક સેવાભાવી સંસ્થા દ્વારા સી.એસ.આર. અંતર્ગત હોસ્પિટલમાં દર્દીઓના સેવાર્થે આપવામાં આવી છે.

# દાહોદ જિલ્લાના સ્વતંત્રતા સેનાનીઓના પરિવારજનોને સન્માનિત કરતાં જિલ્લા કલેક્ટર ડો હર્ષિત ગોસાવી

। ઝાલોદ, તા.૪ ।

દાહોદ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, દાહોદના સંયુક્ત ઉપક્રમે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આજરોજ જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે દાહોદ જિલ્લાના સ્વતંત્રતા સેનાનીઓના પરિવારજનોનો જિલ્લા કલેક્ટરશ્રી ડો હર્ષિત ગોસાવીના અધ્યક્ષસ્થાને તથા નિવાસી અધિક કલેકટર શ્રી એ.બી.પાંડોર ની ઉપસ્થિતીમાં સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી ડો હર્ષિત ગોસાવીએ સૌને પ્રેરિત કરતા જણાવ્યું હતું કે, દેશની આઝાદીમાં યોગદાન આપનાર સ્વતંત્રતા સેનાનીઓના બલીદાન અને દેશ પ્રેમની વાત તેઓના પરિવારજનોના મુખે સાંભળતા આપણા હદયમાં જુસ્સો અને જોમ વધે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આપણને મળેલ આઝાદીનું મહત્વ સમજવું જોઈએ અને આપણે પોતાના નાના મોટા કાર્યોથી દેશના વિકાસ



માટે સહભાગી થવું જોઈએ એમ લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે દાહોદ જિલ્લાના સ્વતંત્રતા સેનાનીઓ દેવગઢબારિયા તાલુકાના સ્વ.શ્રી ભીખાલાલ મદનલાલ પરીખ વતી તેઓના વારસદાર શ્રી રાજેન્દ્રસિંહ ભીખાલાલ પરીખ, દાહોદના સ્વ.શ્રી પ્રેમચંદભાઈ સુંદરજી પ્રજાપતિના ધર્મપત્ની બેનીબેન પ્રજાપતિ, ઝાલોદ તાલુકાના સ્વ. શ્રી ઉદેસિંહભાઈ લાલસિંહભાઈ મુનિયા તેઓના સુપુત્ર પર્વતભાઈ ઉદેસિંહભાઈ મુનિયા, સિંગવડ તાલુકાના સ્વ.શ્રી સુરતાનભાઈ વેસતાભાઈ ડામોરના ધર્મપત્ની કતરીબેન સુરતાનભાઈ ડામોર, ઝાલોદ તાલુકાના સ્વ. શ્રી સુરપ ાલભાઈ ગલાભાઈ મકવાણાના ધર્મપત્ની સોનાબેન સુરપાલભાઈ મકવાણા ને મોમેંટો અને અને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા.

# ઝાલોદ તાલુકાના સાંપોઇ મુકામે ઈનોવા કાર પલ્ટી ખાઈ જતાં બેનાં મોત, ત્રણ ઘાયલ

**ઇનોવા ગાડીમાં સવાર થઈ પાંચ મિત્રો મિત્રના જન્મ દિવસની ઉજવણી કરવા જતા હતા**

। પંકજ પંડિત ઝાલોદ, તા.૪ ।

૩ જુલાઈ સોમવારના રોજ રાત્રીના ૧૧: ૩૦ વાગ્યે ઝાલોદ થી લીમડી જતાં હાઈવે પર સાંપોઈ મુકામે ઈનોવા ગાડી જેનો નંબર ય્ત્ન૧ ૮મ્ઈ૭૫૦૦ પલ્ટી ખાઈ ગઈ હતી અને ગાડીમાં સવાર પાંચ વ્યક્તિ માંથી બે ના મૃત્યુ તેમજ ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં દાહોદ ખાતે અલગ અલગ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ છે.

નગરમાં ચાલતી વાતો મુજબ રાજ ધર્મેન્દ્ર લખારાનો જન્મ દિવસ હોવાથી પાંચ મિત્રો અંશુલ, શેહબાજ, કાનો (અંકુર) અને દેવ મિત્ર રાજ ને લઈ ઈનોવા ગાડી લઈ જન્મ દિવસની ઉજવણી કરવા ગયેલ હતા તે દરમિયાન લીમડી થી ઝાલોદ તરફ ઈનોવા ગાડીમાં સવાર થઈ આવતા હતાં. ઈનોવામાં સવાર થઈ પાંચેય મિત્રો આવતા હતાં ત્યારે ઈનોવાના ચાલક દ્વારા બેફિકરાઈ તેમજ પૂરઝડપે ગાડી લીમડી થી ઝાલોદ તરફ હંકારવામાં આવી રહી હતી તે દરમિયાન ઈનોવાના ચાલક દ્વારા સ્ટેયરીંગ પર કાબુ ગુમાવી બેસતા ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. ઈનોવા ગાડી પલ્ટી ખાઈ જવાના સમાચાર નગરમાં ફેલાતા ગાડીમાં સવારના પરિજનો તેમજ નગરજનો મોટા પ્રમાણમાં સાંપોઈ મુકામે ગાડી પલ્ટી ખાઈ ગયેલ હતી તે ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટના સ્થળે પહોંચ્યા ત્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી ગયેલ હતી.



પાંચેય ખૂબ ગંભીર રીતે ઘાયલ લોકોને અલગ અલગ હોસ્પિટલોમા સારવાર માટે મોકલવામાં આવેલ હતા. સરકારી દવાખાને ગંભીર રીતે ઘાયલ થયેલ અંશુલ રાઠોડને સારવાર અર્થે લાવવામા આવેલ હતું ત્યાં હોસ્પિટલના ડોક્ટર દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવેલ હતો તેમજ કાનો (અંકુર) લખારાનુ પણ સારવાર દરમ્યાન મોત થયેલ હતું. બાકી ત્રણ વ્યક્તિઓને પણ વધુ ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે દાહોદ મુકામે અલગ અલગ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

નગરના પાંચ લોકોના અકસ્માતની ઘટનાના સમાચાર મળતાં નગરના લોકો સવારે સરકારી દવાખાને ઉમટી પડેલ હતા તેમજ અકસ્માતમાં મૃત્યુ થયેલ નગરના યુવાઓ પ્રત્યે સહુ કોઈને સહાનુભૂતિ જોવા મળતી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો-તમારે તમારી લાગણીઓ પર અંકુશ રાખવો અને પરિસ્થિતિને વધુ બગાડે એવું કંઈપ કરવાનું ટાળવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. જ્યારે તમને લાગે કે તમારી પાસે તમારા પરિવારના સભ્યો અથવા તમારા મિત્રો માટે સમય નથી.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રોમાન મળવાથી તેમનો જુસ્સો વધશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**ન્યૂઝ બ્રિફ**

## યુએસમાં ૧૦,૦૦૦ લોકોએ એકસાથે ભગવદ ગીતાનો પાઠ કર્યો

। વોશિંગ્ટન, તા.૪ ।

યોગ સંગીતા અને એસજીએસ ગીતા ફાઉન્ડેશન દ્વારા ટેક્સાસના એલન ઈસ્ટ સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પહેલી વખત ૧૦,૦૦૦ લોકોએ એકસાથે ભગવદ ગીતાનો પાઠ કર્યો હતો. ભગવદ ગીતા પારાયણ યજ્ઞના શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમના દ્રશ્યોએ લોકોને ભાવ વિભોર અને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. સ્ટેજ પર મોટી સ્ક્રીન પર મહાભારતનું દ્રશ્ય બતાવવામાં આવ્યુ હતુ. જેમાં ભગવાન કૃષ્ણ તેમના વિરાટ સ્વરૂપમાં અર્જુનને શ્રીમદ ભગવદ ગીતાનું જ્ઞાન આપતા નજરે પડ્યા હતા. મહાભારતના યુદ્ધ દરમિયાન ભગવદ ગીતાની રચના થઈ હતી. અર્જુને યુદ્ધ કરવાનો ઈનકાર કર્યો હતો ત્યારે ભગવાન કૃષ્ણે તેને કર્મ અને ધર્મના સાચા જ્ઞાન વિશે માહિતગાર કર્યો હતો. ભગવદ ગીતામાં કુલ ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે.

## તાલિબાને કાબુલમાં મહિલાઓના બ્યૂટી સલૂન જવા પર પ્રતિબંધ મૂક્યો

। કાબુલ, તા.૪ ।

તાલિબાને આ વખતે અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર ખૂબ જ આકરા નિયંત્રણો લાદવાનું ફરમાન બહાર પાડ્યું છે. અત્યાર સુધી તાલિબાનોએ મહિલાઓને કામ કરવા, અભ્યાસ કરવા અને કપડાં પહેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ હવે તાલિબાને કાબુલમાં મહિલાઓના બ્યુટી સલૂન જવા પર પ્રતિબંધ મૂકતો નવો આદેશ જારી કર્યો છે. તાલિબાન સરકારે કાબુલ કોર્પોરેશનને નવા ફરમાનનુ અમલ કરવા અને મહિલા બ્યૂટી પાર્લરના લાઈસન્સ રદ કરવા સૂચના આપી છે. તાલિબાનના આ આદેશ સામે બ્યુટી પાર્લર ચલાવતી મહિલાઓ રોષે ભરાઈ છે. તેમનુ કહેવુ છે કે, પુરુષો બેરોજગાર છે, પરિવારની સંભાળ રાખી શકતા નથી, ત્યારે મહિલાઓને રોજગારી માટે બ્યુટી સલૂનમાં કામ કરવાની ફરજ પડે છે.

### અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગના વટહુકમને પડકારતી દિલ્હી સરકારની અરજી

# સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકાર અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને નોટિસ

। નવી દિલ્હી, તા.૪ ।

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે આજે અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગમાં લાવવામાં આવેલા વટહુકમની બંધારણીયતાને પડકારતી દિલ્હી સરકારની અરજી પર સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને નોટિસ પાઠવી છે. એટલું જ નહીં, કોર્ટે નિવૃત્ત જસ્ટિસ ઉમેશ કુમારના દિલ્હી ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (ડીઈઆરસી)ના અધ્યક્ષ તરીકેના શપથ ગ્રહણ પર પણ ૧૧ જુલાઈ સુધી રોક લગાવી દીધી છે. દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકાર અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગના મામલે કેન્દ્ર સરકારના વટહુકમ સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. દિલ્હી સરકારે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો વટહુકમ ગેરબંધારણીય છે.



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમજ નાયબ મુખ્યમંત્રીઓ દેવેન્દ્ર ફડનાવીસ અને અજિત પવાર અને એનસીપીના નેતા છગન ભુજબલ તેમજ અન્ય લોકો સાથે મુંબઈમાં એક પુસ્તિક રજૂ કરી હતી. આ પુસ્તિકામાં છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની વાળી સરકાર દ્વાલા લેવામાં આવેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયોને પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

### પાકિસ્તાની મહિલાનો પબજી પાર્ટનર સાથે પ્રેમ

# પ્રેમીને પામવા બાળકો સાથે ભારત આવેલી પાકિસ્તાની મહિલા ઝડપાઈ

**એટીએસ અને આઈબી સહિતની તમામ એજન્સીઓ પાકિસ્તાની મહિલા અને તેના ભારતીય પ્રેમીથી પૂછપરછ કરી રહી છે**

। નોઈડા, તા.૪ ।

પબજીપાર્ટનરના પ્રેમ માટે ધર્મ અને ત્રણ દેશોની સીમાઓ ઓળંગીને ચાર બાળકો સાથે પાકિસ્તાનથી ગ્રેટર નોઈડાના રબુપુરા પહોંચેલી પાકિસ્તાની મહિલા સીમા હૈદર આખરે પોલીસના હાથે ઝડપાઈ ગઈ. યુપી એટીએસે ગઈકાલે મથુરાના યમુનાપારના પાની ગામમાંથી મહિલાને તેના ચાર બાળકો અને તેના કથિત પ્રેમી સાથે પકડી પાડ્યો હતો. એટીએસ અને આઈબી સહિતની તમામ એજન્સીઓ પાકિસ્તાની મહિલા અને તેના ભારતીય પ્રેમીથી પૂછપરછ કરી રહી છે. સીમા અને સચિન એકબીજાથી વર્ષ ૨૦૨૦માં ઓનલાઈન ગેમના માધ્યમથી મળ્યા હતા. તે હિન્દુ




મહિલાઓની જેમ સાડી, સિંદૂર અને મંગળસૂત્ર પહેરીને પોતાની અસલી ઓળખ છુપાવીને દોઢ મહિનાથી રાબુપુરામાં રહેતી હતી. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ એ વાતની તપાસ કરી રહી છે કે મહિલા પ્રેમ પ્રકરણના કારણે તેના પ્રેમીને મળવા ભારત આવી હતી કે પછી તે જાસૂસી કરવા માટે આવી હતી. હાલ આ અંગે વધુ માહિતી મળી નથી. મહિલાના મોબાઈલની કોલ ડિટેઈલની તપાસ કરવામાં આવી રહી છે. ભારતમાં રોકાવવા દરમિયાન મહિલાએ કોનો સંપર્ક કર્યો તેની તપાસ કરવામાં આવી રહી છે. તેના મોબાઈલમાંથી કેટલાક રહસ્યો બહાર આવવાની શક્યતા છે. પાકિસ્તાની મહિલા સીમા ગુલામ હૈદર રાબુપુરા શહેરમાં આંબેડકર વિસ્તારના રહેવાસી સચિન સાથે ભાડાના મકાનમાં રહેતી હતી. પડોશીઓએ જણાવ્યું કે સીમા અહીં હિંદુ મહિલાઓની જેમ રહેતી હતી. તેનો ડ્રેસ પણ હિંદુ મહિલાઓ જેવો હતો. તે સાડી, સિંદૂર અને મંગળસૂત્ર પહેરતી હતી, જેથી તેને કોઈ ઓળખી ન શકે. હિંદુ રીતિ-રિવાજમાં રહેતા હોવા છતાં તેણે ગુપ્ત રીતે ઈદનો તહેવાર મનાવ્યો હતો, પરંતુ જ્યારે મામલો ઉગ્ર બન્યો ત્યારે લોકોને મહિલા વિશે ખબર પડી હતી.

### ફ્રાન્સમાં કિશોરની હત્યાનો વિવાદ હજુ પુરો થતો નથી

# કિશોરની હત્યા કરનારા પોલીસના બચાવ માટે ફંડ એકત્રિત કરાય છે

**ફ્રાંસના જમણેરી નેતા મરીન લે પેનના ભૂતપૂર્વ સલાહકારે લોકો પાસેથી આ ફંડોળ એકઠુ કરવાનુ શરૂ કર્યુ છે અને અત્યાર સુધીમાં લોકોએ ૧૦ લાખ ડોલરનો ફાળો તેમાં આપ્યો છે**

। પેરિસ, તા.૪ ।

ફ્રાંસના જમણેરી નેતા મરીન લે પેનના ભૂતપૂર્વ સલાહકારે લોકો પાસેથી આ ફંડોળ એકઠુ કરવાનુ શરૂ કર્યુ છે અને અત્યાર સુધીમાં લોકોએ ૧૦ લાખ ડોલરનો ફાળો તેમાં આપ્યો છે. ગયા અઠવાડિયે ૧૭ વર્ષના કિશોરની હત્યા બાદ સમગ્ર ફ્રાન્સમાં રમખાણો થઈ રહ્યા છે. તોફાનીઓ ઈમારતો અને વાહનોને આગ લગાવી રહ્યા છે અને દુકાનો અને બેંકોને લૂંટી રહ્યા છે. બીજી તરફ ફ્રાંસમાં ડાબેરી નેતાઓએ ભંડોળ ઉઘરાવવાના અભિયાનની નિંદા કરી છે. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની પાર્ટીના એરિક બોથોરેલે ટ્વિટર પર લખ્યું છે કે, પોલીસ અધિકારીની તરફેણમાં આ રીતે ફાળો ઉઘરાવવાથી રમખાણો વધશે. નાહેલની હત્યા કરનાર પોલીસકર્મી માટે લાખો યુરોનું ભંડોળ ઉઘરાવવુ તે નિંદનીય કૃત્ય છે.

સોશિયલિસ્ટ પાર્ટીના વડા ઓલિવિયર ફૌરે જે સાઈટ પર આ ભંડોળ ભેગુ કરાઈ રહ્યુ છે તે સાઈટને આ અભિયાન રોકવા માટે અપીલ કરી છે. ફ્રાન્સમાં સોમવારે છ દિવસ પછી તોફાનીઓનુ જોર ઘટ્યુ છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર ગઈ કાલે રાત્રે વધુ ૧૫૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તોફાનો કરનારા ૩૮૮૦ લોકોની અત્યાર સુધી ધરપકડ કરાઈ છે. પોલીસ ફાયરિંગમાં જેનુ મોત થયુ હતુ તે ૧૭ વર્ષનો કિશોર નાહેલ અલ્જેરિયન મૂળનો હતો. એ પછી તેની હત્યાના વિરોધમાં તોફાનો ફાટી નીકળતા ૪૫,૦૦૦ પોલીસ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

ફ્રાન્સમાં રાતોરાત ૨૯૭ વાહનો અને ૩૪ ઈમારતોને સળગાવી દેવામાં આવી હતી. આ પહેલા રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને રવિવારે રાત્રે વિશેષ સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી. તેઓ મંગળવારે વિરોધ પ્રદર્શનથી પ્રભાવિત ૨૨૦ શહેરોના મેયર સાથે પણ બેઠક યોજવાના છે.

# સાઉદી અરબમાં એક સાથે પાંચ આરોપીઓને ફાંસીની સજા

। સાઉદી, તા.૪ ।

સાઉદી અરબે એક સાથે પાંચ આરોપીઓને ફાંસની સજા આપી છે. આ વર્ષે અત્યાર સુધીમાં અપાયેલી આ સૌથી મોટી સામૂહિક મોતની સજા છે. મરનારાઓમાં ચાર સાઉદી અને એક ઈજિપ્તના નાગરિકનો સમાવેશ થાય છે. તેઓ એક ધાર્મિક સ્થળ પર હુમલો કરવાના દોષી જાહેર થયા હતા. આ હુમલામાં પાંચ લોકોના મોત થયા હતા અને બીજા સેંકડો ઘાયલ થયા હતા.

જોકે આ ધાર્મિક સ્થળ પર હુમલો ક્યારે અને કેવી રીતે કરવામાં આવ્યો હતો તેનો ખુલાસો સાઉદી અરબ દ્વારા હજી સુધી કરવામાં આવ્યો નથી. આ સાથે જ આ વર્ષે સાઉદી અરબમાં ૬૮ લોકોને ફાંસી અપાઈ ચુકી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે ગત વર્ષે સાઉદી અરબે ૧૪૭ લોકોને ફાંસી આપી હતી. જ્યારે ૨૦૨૧માં ૬૯ લોકોને મોતની સજા આપવામાં આવી હતી. ૨૦૨૨માં જેમને ફાંસી અપાઈ હતી તેમાં આતંકવાદ સાથે સંકળાયેલા ૮૧ લોકોને તો એક જ દિવસે મોતની સજા અપાઈ હતી. સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ એક તરફ સામાજિક અને આર્થિક રીતે બદલાવ કરીને દેશની ઈમેજ બદલવાના પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે જ સાઉદી અરબમાં ફાંસની ઘટનાઓમાં વધારો થયો છે. તેમણે તાજેતરમાં જ કહ્યુ હતુ કે, જો કોઈ વ્યક્તિ લોકોના જીવ ખતરામાં મુકશે તો તેને ફાંસીની સજા આપવામાં આવશે.આ સિવાયના અપરાધોમાં સરકાર નરમ વલણ અપનાવશે. લોકોના જીવ લેવાથી મોટો કોઈ અપરાધ નથી અને આવા અપરાધ માટે કાયદો આકરો જ હોવો જોઈએ.

**વિશેષ લેખ**

### વિશ્વની ભૂગોળ બદલાઈ રહી છે ? : છેલ્લા ૬૦૦ વર્ષમાં ભારત ખંડ આશરે ૮ મીટર જેટલો ઉત્તરે ખસ્યો છે

# પૃથ્વીની લાખો વર્ષ પૂર્વેની અને આજની ભૌગોલિક રચના સ્થિતિ ઘણી બદલાઈ ચૂકી છે

**આજે જ્યાં હિમાલય છે ત્યાં દરિયો હતો । પૃથ્વી પરએટલા બધા ઉત્પાત થયા કે તેનો ચહેરો બદલાઈ ગયા**




**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ (રાજપીપળા)

પૃથ્વીનું સર્જન થયું ત્યારથી કુદરતી હોનારતો, તથા પૃથ્વીના પેટાળમાંરચાતી હલચલો, ફેરફારોએ ઘણા બધા પરિવર્તનોથતા આવ્યા છે. પૃથ્વીના ઉદ્દભવ સમયથી ભૂગર્ભમાં શરૂ થયેલી પ્રક્રિયાઓ વિભિન્ન સ્વરૂપે હજી પણ ચાલી રહી છે. કરોડો વર્ષ પહેલા જ્યારે પૃથ્વી પર ડાયનોસોર્સ જેવા વિરાટકાયપ્રાણીઓ ઘૂમતા હતા ત્યારે કથીત રેથીસ સમુદ્ર ભારત અને ઓસ્ટ્રેલિયા અને યુરોપ એશિયાની ભૂગર્ભ પ્લેટ વચ્ચે હતો. તે પછી ચાર કરોડ વર્ષ બાદ ભારત-ઓસ્ટ્રેલિયાની ભૂગર્ભ પ્લેટો ટકતી રહેતા દર વર્ષે એક ઈંચ લેખે એકબીજાની નજીક આવી રહી છે. કરોડો વર્ષ પહેલાઆવી અથડામણથી હીમાલયનો ઉદ્ભવ થયો હોવાનું તજજ્ઞ માને છે.

હિમાલયની ભૂગર્ભ રચનામાં હજીયે ફેરફારો થતા રહે છે. એમ પણ માનવામાં આવે છે કે કરોડ વર્ષ પહેલા આ મહાખંડમાં ભંગાણ પડ્યું અને તેમના ટુકડા નીચેના લાવારસ પર સરકતા સરકતાયુગો દરમ્યાન દૂર નીકળી ગયા. આ મહાખંડ ભાંગ્યો તેથી પૃથ્વી પર એટલા બધા ઉત્પાત થયા કે તેનો ચહેરો બદલાઈ ગયો. દરિયામાંથી કેટલીક પર્વતમાળાઓ ઊંચકાઈને બહાર પણ આવી છે. આવી પર્વતમાળાઓમાં હિમાલય, કારાકોરમ, હિંદુકુશ, ઈરાન અને તુર્કીના પહાડો, યુરોપમાં આલ્પ્સ પર્વતમાળા અને બીજા પાડો તથા દક્ષિણ અમેરિકામાં જગતની સૌથી લાંબી પર્વતમાળા એન્ડોમનો પણ સમાવેશ થાય છે. ૬૦ કરોડ વર્ષ પહેલા વિધ્યાચલની ઉત્તરે સમુદ્ર હતો જ્યારે આંધ પ્રદેશ પણ સમુદ્ર નીચે હતો તે પછી સમુદ્ર ખસતો ગયો. ૩૦ કરોડ વર્ષ પહેલા સમગ્ર અરબી સમુદ્ર પણ ખસી ગયો પછી હજુ મોટાઉત્પાત થયા જેમાં ભારત ખંડના ટુકડા થઈ ગયા, સૌરાષ્ટ્ર રિયા ડૂબી ગયું. ઉત્તર ભારતનો ટુકડો સમુદ્ર વડે ઘેરાઈ ગયો. ભૂસ્તર શાસ્ત્રીઓએ ૩૫ કરોડ વર્ષ પહેલાની દુનિયાનો નકશો બનાવ્યો છે તેમાં ભારત, એશિયા, આફ્રિકા, યુરોપ, દધુવ ખંડ, ગ્રીનલેન્ડ અને બંને અમેરિકા એક જ ખંડરૂપે છે. તે પછીથી ફરીથી ઉથલપાથલ થતી જ રહી અને ભારતીય ઉપખંડના આકાર બદલાતા જ રહ્યા. ચાર કરોડ વર્ષ પહેલા ભારતીય ઉપખંડની ભૂસ્તરીય પોપડો ઉત્તરમાંતિબેટના પોપડા સાથે ટકરાયો અને હિમાલયનું સર્જન થયું. ઈન્ડિયનપ્લેટ કહેવાતો ભારતીય પોપડો હજી ઉત્તર તરફ ખસવાનો પ્રયત્ન કરેછે. છેલ્લા ૬૦૦ વર્ષમાં ભારત ખંડ આશરે ૮ મીટર જેટલો ઉત્તરેખસ્યો છે. ભૂસ્તર વિજ્ઞાનની દષ્ટિએ ઉત્તર ભારતનો વિસ્તાર ભૂકંપની ઘણી ઉથલપાથલોને કારણે છેલ્લા સાત કરોડ વર્ષથી અસ્વસ્થ રહ્યો છે. આ ઉથલપાથલોને કારણે જે ટિથિસ સમુદ્રનું તળીયું ફાડીને હિમાલયની પર્વતમાળા બહાર ડોકાઈ આવી છે. હિમાલયનો જન્મ છ થી સાતકરોડ વર્ષ પહેલાં થયો હતો. આલ્લેડ વેગનર નામના વિજ્ઞાનીએ ભૂતકાળમાં કરેલી શોધ મુજબ પૃથ્વી કુલ ૧૫ પ્લેટની બનેલી છે. જ્યારે પણ પાતાળમાં હલચલ થાય છે ત્યારે આ પ્લેટો સરકે છે. ઓસ્ટ્રેલિયા ખંડ એશિયા ખંડથી આટલો દૂર જતો રહ્યો હોવાની ઘટના આ બાબતનો પુરાવો છે. પ્લેટો ખસવાની આ ઘટનાને ભૂકંપ કહે છે. લાખો વર્ષમાં અનેક વખત આવી ઘટના બની છે. જેના કારણે પૃથ્વીની લાખો વર્ષ પૂર્વેની અને આજની ભૌગોલિક રચના સ્થિતિ ઘણી બદલાઈ ચૂકી છે. દ.અમેરિકા અને આફ્રિકા ભૂતકાળમાં પરસ્પર જોડાયેલા હતા જે આજે દૂર થઈ ગયા છે. જ્યારે પણ આ પ્લેટો એકમેકથી દૂર કરે છે અથવા તો ટકરાય છે ત્યારે ભૂકંપ સર્જાય ભૂસ્તર શાસ્ત્રીઓ કહે છે કે





પૃથ્વીની રચના અનેક સ્તરોની થયેલી છે. જેની વચ્ચે પોલાણ હોય છે. આ પોલાણમાં પૃથ્વીના સ્તર પ્લેટસના સ્વરૂપે સતત સરકતા રહે છે. પરંતુ જ્યારે એક પ્લેટ બીજી પ્લેટ સાથેઘસડાય તો ભારે પ્રચંડ ઉર્જા ઉત્પન્ન થાય છે. જેથી અમુક સંજોગોમાં ભૂકંપીય ઉર્જાની શક્તિ અને તાણનું પ્રમાણ અતિશય વધી જાય તો પૃથ્વીનું સૌથી ઉપરનું પડ તોડીને લાવા બહાર નીકળે છે અને ધરતીકંપ થાય છે જે ટેકટોનીક પ્લેટની મૂવમેન્ટસ તરીકે પણ ઓળખાય છે.

ધરતીકંપના બીજા પ્રકારમાં ઈલાસિક વેણ સિસ્પીક ને કારણે થતીમાં એકાએક ધુજારી અને કંપનો ઉદ્ભવે છે. અને સંઘરાયેલી ઉર્જા જોરદાર ધડાકા સાથે બહાર વછૂટે છે જેથી ધરતીકંપ થાય છે પરંતુ ભૂસ્તરશાસ્ત્રીઓ પ્રથામિક અહેવાલના તારણપરથી માને છે કે કચ્છના ભૂજ ક્ષેત્રમાં આવેલી ધરતીકંપ ઈન્ડિયન પલેટ્સ અને યુરેશીયન પ્લેટ્સ ટકરાવાથી થયો છે. ઈન્ડિયન પ્લેટ્સ ઉત્તર પૂર્વની દિશામાં સરકે છે. જે હિમાલય ક્ષેત્રની યુરેશિયન પ્લેટ્સ સાથે ટકરાતા જે ઉર્જા પેદા થઈ એના ઈન્સ્પેકટથી આ ધરતીકંપ થયો હતો. ભારત તથા નેપાળમાં ૧૫ વર્ષથી અભ્યાસ કરી રહેલા ફ્લોરીડા યુનિવર્સિટીના અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી રોજર બિલામે ચેતવણી આપી છે કે ગુજરાત ઉપર ત્રાટકેલા ભૂકંપ કરતાં પણ અતિ ભયંકર ભૂકંપ હિમાલયના વિસ્તારમાં ત્રાટકવાની સંભાવના છે. ઉપગ્રહ આધારિત ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમના માપ એવું બતાવે છે કે ભારતીય ટેકટોનીક પ્લેટ સાતત્યપૂર્ણ અને ચુસ્તતાથી એશિયાની સામે અથડાઈ રહી છે. જેના કારણે દબાણ ઉભું થઈ રહ્યું છે. જે દબાણ ભૂકંપ દ્વારા મુકતથાય છે. અન્ય વિજ્ઞાનીઓ પણ એવા તારણ ઉપર આવ્યા છે કે ૭.૮થી ૮.૫ની રચર સ્કેલ તીવ્રતા ધરાવતા છ ભૂકંપો થવાની મુદત એહિમાલયના ૬૦ ટકા વિસ્તારમાં પાકી ગઈ છે. અમેરિકામાં તાજેતરમાં કરવામાં આવેલ એક અભ્યાસમાં નેપાળના કાઠમંડુથી ભારતના દહેરાદૂન વચ્ચે હિમાલીયન પ્લેટ પર ૮થી વધુ તીવ્રતાના ભૂકંપની ચેતવણી આપવામાં આવી છે. દિલ્હી, લખનૌ, પટણા અને દહેરાદૂન વગેરે અનેક આ ભૂકંપ પ્રભાવિત વિસ્તારમાં આવે છે. અત્યારે ઉપખંડીય પ્લેટ હિલચાલને કારણે કાઠમંડુથી દહેરાદૂન વચ્ચે હિમાલયન પ્લેટના સંધિ સ્થળ પર સૌથી વધુ દબાણની સ્થિતિ બનેલી છે. જે સંપૂર્ણપણે ફાટવા અને આથી વધુ તીવ્રતાનો ભૂકંપ આપવાની ચેતવણી આપવામાં આવી છે. આ ભૂકંપથી હિમાલયના ઊંચા શિખરો ધરાશયી થઈ જશે અને તિબેટની પર્વતમાળામાં પણ જબરદસ્ત ઉથલપાથલ થવાની સંભાવના રહેશે. પૃથ્વીના પેટાળમાં જ્યાં સૌથી વધુ વિરાટ ખંડીય અથડામણ થઈ રહી છે. તેની નિકટમાં ભારત હોવાથી બીજા દેશો કરતા ભારત વધુ ભૂકંપોનો ભોગ બને છે. પૃથ્વી પર આવી ઉથલપાથલો કરોડો વર્ષથીથતી આવી છે. અને હજી સદીઓ સુધી આવી ઉથલપાથલો પણ ચાલુ જ રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં આર્યુવેદિક સિરપના નામે આલ્કોહોલિક પીણાનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપાયો

। રાજકોટ, તા.૪ ।

આયુર્વેદિક સિરપ પીઓ અને જો તેમાં આલ્કોહોલ હોય તો..? અનેક લોકો ચોંકી જશે, અને પરંતુ આ રીતે ચાલી રહેલા એક કૌભાંડનો રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આયુર્વેદિક સિરપના નામે આલ્કોહોલિક પીણાનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપી પાડ્યો છે. એક બાતમીને આધારે પોલીસે વોચ રાખી હતી. જે બાદ શાપર અને હુડકો નજીકથી ૫ ટ્રક ભરેલી નશાકારક સિરપનો જથ્થો ઝડપાયો છે.. ૭૩ લાખની કિંમતનો આ જથ્થો અલગ અલગ પાનની દુકાનોમાં પહોંચાડાતી હતી.. જે પીવાથી નશો થાય છે.. ક્રાઈમ બ્રાન્ચે આ નશાકારક સીરપને હ્રજીન્માં મોકલી વધુ તપાસ હાથ ધરી છે.. જો કે આ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આ સિરપનું ઉત્પાદન વડોદરામાં થતું હતું..

### વેપારીઓ પાસેથી ૨.૨૮ કરોડનો માલ મેળવી પિતા-પુત્ર રફૂચક્કર

। રાજકોટ, તા.૪ ।

રાજકોટમાં શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રાજેન્દ્રભાઈ અંટાળા સહિત ૧૬ જેટલા વ્યક્તિઓ પાસેથી ૨,૨૮,૧૦,૫૯૭ રૂપિયાની કિંમતની ૨૮૯.૦૯૭ કિલો ચાંદીના દાગીના બે જેટલા આરોપીઓ લઈને રફૂચક્કર થઈ ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર મામલે રાજેન્દ્રભાઈ અંટાળા દ્વારા સુરેશભાઈ ઢોલરીયા તેમજ તેના પુત્ર કેતનભાઈ ઢોલરીયા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આઈપીસી ૪૦૬ તેમજ ૧૧૪ મુજબ ગુનો નોંધાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, વેપારીઓ સાથે થયેલી છેતરપિંડી અંગે થોડા સમય પૂર્વે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા સમગ્ર મામલે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.



અમદાવાદમા જી-૨૦માટેની પુરજોશમાં તૈયારી ચાલી રહેલ છે જેમા ગાંધીઆશ્રમ, સુભાષબ્રિજ અને રિવરફ્રન્ટના રોડ પર તૈયારી ચાલી રહી છે.

#### દ્વારકા જગતમંદિરમાં ચડશે છ ધ્વજા

## દ્વારકામાં રચાશે ઈતિહાસ, ૫૧ હજાર આહીરાણીનો યોજાશે મહારાસ

। દેવભૂમિ દ્વારકા, તા.૪ ।

ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકા નગરીમાં ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ૫૧ હજાર આહીરાણીઓનો મહારાસ યોજાશે. ૫ હજાર પૂર્વે ૧૬ હજાર ગોપીઓ સાથે કૃષ્ણ રાસ યોજાતો હતો. મહારાસ માટે ૩૭ હજારથી વધુ આહીર સમુદાય ની બહેનોનું રજિસ્ટ્રેશન સંપન્ન થઈ ગયું છે. હાલ દરેક જિલ્લા કક્ષાએ રજિસ્ટ્રેશન ચાલુ છે. આ અંગે કૃષ્ણની મોક્ષ ભૂમિ ભાલકા તીર્થ ખાતે બેઠક યોજાઈ હતી. આહીરાણી મહારાસ અંગે આહીર સમાજની બહેનોની મળેલી બેઠકમાં જુદા જુદા જિલ્લામાંથી આહીર સમાજની બહેનો ઉપસ્થિત રહી હતી. મહારાસની સાથે મહિલા સશક્તિકરણના પણ કાર્યક્રમ યોજાશે. આહીરાણી મહારાસ માટે બહેનો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક સાથે ૫૧ હજાર આહીરાણીઓ મહારાસ યોજી કૃષ્ણ ભક્તિમાં લીન બનશે. પારંપરિક પોશાક સાથે આહીરાણીઓના મહારાસનો વિશ્વ વિક્રમ સર્જાશે. દ્વારકામાં જગતમંદિરના શિખર પર ધ્વજારોહણ કરવાનું ખાસ મહત્ત્વ છે. ૨૦૨૪ સુધી ધ્વજારોહણ કરવા માટે લાંબું વેઈટિંગ લિસ્ટ પણ છે. દ્વારકા જગતમંદિર ઈતિહાસમાં પ્રથમ વખત બિપરજોય વાવાઝોડા દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં લઈ ધ્વજારોહણ કરવામાં આવ્યું નહોતું. તેથીએ સમયે જે પણ ભક્તોની ધ્વજાનું આરોહણ થયું નહોતું તેવા ભક્તોનું આજથી ધ્વજારોહણ થાય એવું જગતમંદિર ધ્વજારોહણ સમિતિ દ્વારા સુંદર નિર્ણય કરવામાં આવ્યો છે.

#### કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧૭૩૦ છે

## વધારા બાદ સીંગતેલ ડબ્બાનો ભાવ ૨૮૯૦ થયો

### સરસવનો પાક ખેડૂતોના મજબૂત હાથમાં છે અને તેઓ તેમના વપરાશ મુજબ પાકને મંડીઓમાં લાવી રહ્યા છે

। રાજકોટ, તા.૪ ।

તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શાકભાજી બાદ હવે ખાદ્યતેલના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. સીંગતેલમાં ફરી ડબ્બાના ભાવમાં વધારો થયો છે. તેલનો ડબ્બો ૨૯૦૦ રૂપિયા થવામાં માત્ર ૧૦ રૂપિયા ઓછા છે. સોમવારે ઉઘડતી બજારે સીંગતેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો હતો. આ વધારા બાદ સીંગતેલ ડબ્બાનો ભાવ ૨૮૯૦ થયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧૭૩૦ છે. તો પામોલીન તેલના ડબ્બાનો ભાવ ૧૪૬૫ છે. અધિકમાસ શ્રાવણ માસ શરૂ થાય તે પૂર્વે સીંગતેલમાં ભાવ વધારો થયો છે. વિદેશી બજારોમાં ખાદ્યતેલોના ભાવમાં સુધારાને કારણે, સીંગદાણા તેલ-તેલીબિયાં અને ક્રૂડ પામ ઓઈલ સિવાય લગભગ તમામ ખાદ્યતેલો અને તેલીબિયાંમાં સોમવારે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં સુધારો જોવા મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે સરસવનો પાક ખેડૂતોના મજબૂત હાથમાં છે અને તેઓ તેમના વપરાશ મુજબ પાકને મંડીઓમાં લાવી રહ્યા છે. પરંતુ તેમ છતાં, સરસવનો ભાવ મંડીઓમાં લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) એટલે કે રૂ. ૫,૦૦૦ - ૫,૧૫૦ ની નીચે જણાવવામાં આવી રહ્યો છે. નોંધપાત્ર રીતે, સરસવની સ્જીઁ ૫,૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ખાદ્યતેલના મામલામાં દેશની આયાત પરની નિર્ભરતા જે રીતે વધી રહી છે તે જોતાં સરકારે બંદરો પર આયાત કરવામાં આવતા સૂર્યમુખી અને અન્ય ખાદ્યતેલોની પણ ઝીણવટભરી તપાસ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ સિવાય સરકારે તેના તરફથી એવી સૂચના આપવી જોઈએ કે પેકર્સને સપ્લાય કરવામાં આવતું રિફાઈન્ડ ખાદ્ય તેલ સ્ટીલની ટાંકીમાં જ મોકલવામાં આવે, તો ખાદ્યતેલની ગુણવત્તા જાળવવી શક્ય બને. સૂત્રોએ જણાવ્યું હતું કે આયાત પર નિર્ભરતાને ક્યાંયથી વાજબી ઠેરવી શકાય નહીં અને તેનાથી બચવાનો એકમાત્ર વિકલ્પ દેશમાં તેલ-તેલીબિયાંનું ઉત્પાદન વધારવો અને સ્થાનિક તેલ-તેલીબિયાંનું બજાર વિકસાવવાનો હોઈ શકે છે.

## કર્ણાવતી એક્સપ્રેસ અને ડબલ ડેકર એક્સપ્રેસ ટ્રેનોના કોચની સંરચનામાં આંશિક ફેરફાર

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ ટ્રેનમાં વિસ્ટાડોમ કોચને બદલે જનરલ ક્લાસનો અને અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસ ટ્રેનમાં વિસ્ટાડોમ કોચ ને બદલે ડબલ ડેકર ચેર કાર ક્લાસનો કોચ બદલવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૧૨૯૩૪/૧૨૯૩૩ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસમાં તાત્કાલિક અસરથી વિસ્ટાડોમ કોચને જનરલ ક્લાસના કોચ થી બદલવામાં આવ્યો છે.
- ટ્રેન નંબર ૧૨૯૩૨/૧૨૯૩૧ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસ ટ્રેનમાં તાત્કાલિક અસરથી વિસ્ટાડોમ કોચને ડબલ ડેકર ચેરકાર ક્લાસના કોચથી બદલવામાં આવ્યો છે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત અવલોકન લઈ શકે છે.

#### રવિવારે સાંજે બંનેના મૃતદેહ મળ્યા હતા

## ભુજ-મુન્દ્રા રોડ પર બાવળની ઝાડીઓમાંથી ૨ મૃતદેહ મળ્યા

### બંનેના મોત કેવી રીતે થયા તે તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ જ થઈ શકશે

। ભુજ, તા.૪ ।

ભુજ-મુન્દ્રા રોડ પર બાવળની ઝાડીઓમાંથી બે યુવકના મૃતદેહ મળી આવતા ભારે ચકચાર પ્રસરી છે. પ્રાથમિક અનુમાન મુજબ ભુજ અને સામત્રાના યુવકોએ સાથે આપઘાત કર્યો હોઈ શકે છે. પરંતુ નિર્જન વિસ્તારમાં બનેલા બનાવે અનેક સવાલો ઉભા થયા છે, જેના જવાબ પોલીસને બીજા દિવસે પણ ન મળતા બંનેના મોતનું રહસ્ય હજી પણ અકબંધ છે. કારણ જાણવા માટે બંનેના મૃતદેહ જામનગર મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.ભુજ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે કલ્પેશ કાનજીભાઈ રાઠોડ (૨૬) અને ભીમજી રામજી મહેશ્વરી (૩૦)ના મૃતદેહ ૨ જુલાઈ રવિવારની સાંજે ૫ વાગ્યાની આસપાસ ભુજ-મુન્દ્રા રોડ પર બાવળની ઝાડીઓમાંથી મળ્યા હતા. ત્યારબાદ સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરતા કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતક કલ્પેશ બોર્ડર વિંગના નિવૃત જમાદારનો પુત્ર હોવાનું સામે આવ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર કલ્પેશનો મૃતદેહ બાવળની ઝાડીઓમાં આવેલા વન વિભાગના ખંડેર મકાનમાંથી જ્યારે ભીમજીની લીશ અર્ધનગ્ન હાલતમાં ખેંડરની બહાર ઝાડીઓમાંથી મળી હતી.

બનાવને પગલે સ્થાનિક પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન કલ્પેશનની બાઈખ પાસે કપાસમાં પડેલી જીવાત નાશ કરવા વપરાતી દવાની બોટલ મળી આવી હતી. તેથી બંનેએ આપઘાત કર્યો હોઈ શકે છે. જો કે, બંનેના મોત કેવી રીતે થયા તે તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ જ થઈ શકશે. ઉલ્લેખનીય છે કે, વરસાદ પછીનો પ્રથમ રવિવાર હોવાથી શહેરીજનો ફરવા માટે ઉમટ્યા હતા. આ દરમિયાન સાંજે યુનિવર્સીટી રોડ પર પાણીના ખાડામાં ગરકાવ થઈ જવાના કારણે બે યુવાનોના મોત થયા છે તેવી વાત જાણવા મળી હતી. જેથી સ્થાનિક પોલીસ ત્યાં પહોંચીને તપાસ હાથ ધરી હતી.

## ગાંધીનગરની APS સ્કૂલમાં RTEના વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ

। ગાંધીનગર, તા.૪ ।

ગાંધીનગરની APS સ્કૂલમાં RTE નાં વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ થતો હોવાની રાવ ઉઠી છે. તેમજ રેગ્યુલરથી RTE ના વિદ્યાર્થીઓને અલગ બેસાડાય છે.શાળાનાં રેગ્યુલર વિદ્યાર્થીઓને સ્કૂલમાં સવારે બોલાવવામાં આવે છે. RTE ના માત્ર ગણતરીનાં બાળકોનો બપોરે અલગ ક્લાસ ચલાવાય છે. તેમજ RTE નાં બાળકોને બપોરે અલગ બોલાવાતા હોવાનો પુરાવો છે.ત્યારે આ બાબતે APS સ્કૂલનાં સંચાલકો સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરતા તેઓએ આ બાબતે કંઈ કહેવાનું ટાળ્યું હતું. તેમજ સ્કૂલનાં ગેટને જેલની જેમ તાળા બંધી કરી દેવાનાં આવી હતી.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર એન્જિનિયરિંગના કામ માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર એન્જિનિયરિંગના કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. તેને એક દિવસ માટે વધારવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો સંપૂર્ણ રીતે રદ થશે અને કેટલીક આંશિક રીતે રદ કરવામાં થશે. જેની વિગતો નીચે મુજબ છે

**રદ થયેલી ટ્રેનો**

૧. તા. ૦૫.૦૭.૨૦૨૩ ની ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૨. તા. ૦૬.૦૭.૨૦૨૩ ની ટ્રેન નંબર ૦૯૩૧૬ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૩. તા. ૦૫.૦૭.૨૦૨૩ ની ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૪. તા. ૦૫.૦૭.૨૦૨૩ ની ટ્રેન નંબર ૦૯૪૦૦ અમદાવાદ-આણંદ મેમુ સ્પેશિયલ
૫. તા. ૦૫.૦૭.૨૦૨૩ ની ટ્રેન નંબર ૦૯૨૭૪ અમદાવાદ-આણંદ મેમુ સ્પેશિયલ

**તા.૦૫.૦૭.૨૦૨૩ ના રોજ આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૨. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ અમદાવાદને બદલે વટવાથી ઉપડશે. આ ટ્રેન અમદાવાદ અને વટવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૩. ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ સોમનાથ એક્સપ્રેસ સાબરમતી (રાણીપ બાજુ) સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન સાબરમતી અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૪. ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતી (રાણીપ બાજુ)થી ઉપડશે. આ ટ્રેન અમદાવાદ અને સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૫. ટ્રેન નંબર ૦૯૩૧૫ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ આણંદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન આણંદ અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવે યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની યાત્રા શરૂ કરે અને ટ્રેનના પરિચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવી જેથી કોઈ અસુવિધા ના થાય.
















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨